# પ્રકરણ – ૪

## ધીરેન્દ્ર મહેતાએનું વિવેચન સાહિત્ય

પ્રસ્તુત પ્રકરણમાં ધીરેન્દ્ર મહેતાના વિવેચનકાર્યની તપાસ કરવાનો ઉપક્રમ છે.

- જયંત ખત્રી – (૧૯૭૭)
- નંદશંકરથી ઉમાશંકર ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય – (૧૯૮૪)
- નિસબત – (૧૯૯૦)
- ઘટડો મિંજ તો ગરે – (૧૯૯૩)
- બાતમી – (૧૯૯૮)
- ગુજરાતી નવલકથાના કેટલાક પુનર્મૂલ્યાકનો – (૨૦૦૦)
- દર્શક અને બીજા વિશે – (૨૦૧૫)
- સર્જક – અષ્ટક – (૨૦૧૫)
- ઉમાશંકર મારા આભલામાં – (૨૦૧૬)

સર્જક ધીરેન્દ્ર મહેતા વિવેચનકાર્યની પ્રક્રિયામાં હેતુપૂર્વક સંકળાયા નથી. એના પુરાવા એમની સાથેની મુલાકાતો કે એમના વિવેચનાત્મક પુસ્તકોના નિવેદનમાં મળી રહે છે. એનો અર્થ એ નથી કે સર્જકને વિવેચન પ્રત્યે કોઈ અણગમો છે. પરંતુ જ્યાં સુધી કોઈ કૃતિ, સ્વરૂપ કે સર્જક વિશે જાણ્યાનો (વાંચ્યાનો) આનંદ કે પછી કૃતિમાં રહેલી સર્જકની કળાકીયતાની પ્રશંસા કે મર્યાદાઓ સંદર્ભે તેઓ વિવેચન કાર્ય તરફ પ્રવૃત્ત થયા છે. ગુજરાતી સાહિત્યના વિવેચન પ્રવાહમાં એમનું સ્થાન પ્રમાણવા નહી છતાં પણ તેઓ નોંધે છે કે સ્વયંની કૃતિ વિશેના પ્રતિભાવો જાણવામાં રસ ખરો- એવું વિધાન તેઓ અવશ્ય કરતા રહ્યા છે. પરંતુ વિવેચક બનવાનો કોઈ હેતુલક્ષી ભાવ તેમના વિવેચન કાર્યમાંથી પસાર થતા જોવા મળતો નથી. છતાં પણ ફરજ કે કર્તવ્ય રૂપે તેઓ સમકાલીન સાહિત્ય કૃતિના વિવેચન તરફ પ્રવૃત્ત અવશ્ય બન્યા છે. ઉમાશંકર જોશી નોંધે છે કે ‘વિવેચક જુના શિષ્ટ ગ્રંથોનું ઉત્તમ વિવેચન આપે એટલું જ પુરતું નથી, એની શક્તિની કસોટી તો રચતા આવતા સાહિત્યને તારતમ્ય બુદ્ધિએ તપાસી એના અંતર્ગત શક્યતાઓ અને સિદ્ધિઓ પોતાની ઘડાયેલી રુચિ વડે ઓળખી કાઢી એની સાચી મૂલવણી કરવામાં છે’.[૧] આમ વિવેચકનું કાર્ય સમકાલીન સમયની કૃતિનું વિવેચન કરવું એ પણ એક કર્તવ્ય છે. અને તેથી જ તેમના વિવેચનકાર્યની નોંધ લેવાતા ગુજરાતી સાહિત્યના નવમા દાયકામાં રમેશ દવે સજ્જતાપૂર્વક વિવેચનકાર્ય કરનારા વિવેચકોની યાદીમાં ધીરેન્દ્ર મહેતા સ્થાન ધરાવે છે. વિવેચક ધીરેન્દ્ર મહેતા મોટે ભાગે પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. સૈદ્ધાંતિક વિવેચનના માત્ર છુટા છવાયા લેખો મળી રહે છે. જેમાં કોઈ ઊંડાણપૂર્વક ચર્ચા મળતી નથી. ધીરેન્દ્ર મહેતાના વિવેચન કાર્યને ત્રણ રીતે વર્ગીકૃત કરી શકાય છે.

- ❖ સર્જક કેન્દ્રી
- ❖ કથાસાહિત્ય કેન્દ્રી
- ❖ કાવ્યસાહિત્ય કેન્દ્રી.

| સર્જકકેન્દ્રી | કથાસાહિત્ય કેન્દ્રી | કાવ્યસાહિત્ય કેન્દ્રી |
|---|---|---|
| (૧) જયંત ખત્રી – ગ્રંથકાર | (૧) નંદશંકરથી ઉમાશંકર ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય | (૧) ઘટડો મિંજ તો ગરે |
| (૨) સ્નેહરશ્મિ – ગ્રંથકાર | (૨) નિસબત | (૨) બાતમી |
| (૩) સર્જક – અષ્ટક | (૩) ગુજરાતી નવલકથાના કેટલાક પૂનર્મૂલ્યાકનો | |
| (૪) ઉમાશંકર મારા આભલામાં | (૪) દર્શક અને બીજા વિશે | |

ઉપર પ્રમાણે ધીરેન્દ્ર મહેતાના વિવેચનાત્મક પુસ્તકો સર્જક કેન્દ્રી, કથાસાહિત્ય સ્વરૂપ કેન્દ્રી, કાવ્યસાહિત્ય કેન્દ્રી, તથા અન્ય મળી રહે છે. અહીં વર્ગીકરણને આધારે સૌપ્રથમ સર્જકકેન્દ્રી તેમના વિવેચન કાર્યને પુસ્તકને આધારે ચર્ચા કરી છે.

### ❖ *'જયંત ખત્રી'– ગ્રંથકાર શ્રેણી – ૩ :*

'જયંત ખત્રી' ગ્રંથકારનો અભ્યાસ ધીરેન્દ્ર મહેતા પાસેથી મળે છે. સતત ભાવકોની માંગ વચ્ચે જેની પ્રથમ આવૃત્તિ ૧૯૯૭માં થઇ હતી. તેનું શુધ્ધિવૃદ્ધિ સાથેનું પુનઃમુદ્રણ રમણલાલ જોશી ૨૦૧૧માં કરે છે. જયંત ખત્રીની સર્જનપ્રતિભાના ઉન્મેષો પ્રગટાવવા ધીરેન્દ્ર મહેતા તેમના સર્જનકાર્યને કેન્દ્રિત કર્યું છે. જયંત ખત્રીના જીવન સમયની માહિતીમાં સમય વેડફ્યા વિના સીધા સર્જકના સર્જનાત્મકકાર્ય તરફની યાત્રામાં પ્રવેશ કરાવે છે. સર્જકના જીવનનો પરિચય સંક્ષિપ્તમાં દર્શાવ્યા બાદ સીધા તેમની વાર્તાસર્જન પ્રક્રિયા તરફ વળે છે. તેમની વાર્તાઓમાં કથયિતવ્ય, અભિગમ, દ્રષ્ટિકોણ, કથાવસ્તુ, પાત્રાલેખન, પ્રતીકનો પ્રયોગ- વિનિયોગ, જૈવ આવેગોનું નિરૂપણ,

સ્થળ –કાળ સંયોજન, ગદ્યશૈલી નિરૂપણ રીતિ, કૃતિઓની દીર્ઘતા તથા વાર્તાઓનું ઇતિહાસમાં સ્થાન સંદર્ભ હેઠળનો અભ્યાસ રજુ કર્યો છે. તેમની અધુરી નવલકથા 'ચમારમાલ', 'બે એકાંકી' વ્યાખ્યાનો અને લેખો વિશે પરીચયાત્મક નોંધ મૂકી છે. આ ઉપરાંત ગ્રંથસ્થ અગ્રંથસ્થ એવી જયંત ખત્રીના સાહિત્યસર્જનની સૂચિ મુકવામાં આવી છે. વિવેચક ધીરેન્દ્ર મહેતાએ ઉપયોગમાં લીધેલ અભ્યાસ સામગ્રીની સંદર્ભસૂચિ તથા ચાર પરીશિષ્ટોમાં અનુક્રમે જયંત ખત્રીના જીવનની વિગત, એકપત્ર, વ્યક્ત અંશો અને સ્વરચિત કાવ્ય વિવેચકે મુક્યા છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જયંત ખત્રી ઉત્તમ વાર્તાકારની પ્રતિભા ધરાવે છે. તેમની વાર્તાઓમાં રહેલ વિશેષતાઓ અને મર્યાદાઓ વિશે વિવેચકે અન્ય સર્જક-વિવેચકના મંતવ્યો સાથે તેની ચર્ચા કરી છે. તેમને જયત ખત્રીની 'લોહીનું ટીપું', 'ખીચડી' 'તેજ ગતિ' અને ધ્વનિ', 'ધાડ' જેવી વાર્તાઓના ઉદાહરણ સૌથી વધુ જોવા મળે છે. વાર્તાઓની ચર્ચા કરતા તેઓ અન્ય સર્જકની વાર્તાઓ સાથે તુલના કરતા જાય છે. જેમ કે; 'જન્મોત્સવ' (સુરેશ જોશી)ની વાર્તા 'કૃષ્ણજન્મ'માં તેઓ નોંધે છે કે; 'સુરેશ જોશીનું સાહિત્ય રચનારીતિના માર્ગે વિકસી રહ્યું અને જયંત ખત્રીનું યથાર્થ મુલક માર્ગે'[૨] જયંત ખત્રીની વાર્તાઓમાં રહેલી મર્યાદાઓને પણ તેઓ ચીંધી બતાવે છે. તે પછી માત્ર ભાષાકીય ભૂલ હોય તો પણ તેનો નિર્દેશ કરવાનું તેઓ ચુકતા નથી. સર્જક સાથેના વિવેચક ધીરેન્દ્ર મહેતાના અંગત સબંધોના પ્રભાવ વિના તેઓ તટસ્થ રીતે પોતાના પ્રતિભાવો મૂકી આપે છે. તો ક્યારેક તેમની અધ્યાપકીય નિષ્ઠા પોતાની વાતને સચોટ રીતે દર્શાવવા માટે એકથી વધુ અવતરણો આપીને દીર્ઘતાધિન બન્યા છે. આમ, જયંત ખત્રીના સર્જનકાર્યનો સર્જક કેન્દ્રી ધોરણે થયેલ સમીક્ષાત્મક અભ્યાસ બની રહે છે.

### ❖ *'સ્નેહરશ્મિ'*:

સાહિત્ય અકાદમી, દિલ્લી. પ્રકાશનશ્રેણી અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે ભારતીય સાહિત્યના નિર્માતા 'સ્નેહરશ્મિ'ના સર્જનાત્મક અને સાહિત્ય વિવેચનને લગતાં, પુસ્તકનું લેખનકાર્ય વિવેચક ધીરેન્દ્ર મહેતાએ કર્યું છે. પ્રસ્તુત સર્જનલક્ષી અભ્યાસ છ(૬) પ્રકરણોમાં વિભાજીત છે. પ્રથમ પ્રકરણમાં જીવન ધડતર બીજા પ્રકરણમાં સ્નેહરશ્મિની કવિતા, ત્રીજા

પ્રકરણમાં વાર્તા સાહિત્ય, ચોથા પ્રકરણમાં નવલકથા, એકાંકી, વિવેચન અને સંપાદન, પાંચમા પ્રકરણમાં સ્નેહરશ્મિની આત્મકથા અને છઠ્ઠા પ્રકરણમાં ઉપસંહાર અને ગ્રંથસૂચિ માટે ફાળવ્યા છે.

પ્રથમ પ્રકરણમાં ગાંધીયુગીન સર્જક સ્નેહરશ્મિના જીવનનો વૃતાંત વ્યક્તિ વિશેનો પ્રભાવ, સામાજિક-સાંસ્કૃતિક વિચારસરણી, સર્જક વ્યકતિત્વને ઘડનારા પરિબળો જેવી વિગતો વિવેચકે રજૂ કરી છે. ગાંધીયુગીન સમયમાં સ્નેહરશ્મિ આંદોલનોમાં જોડતા જેલવાસ ભોગવ્યા બાદ, તેઓએ શિક્ષણ અને સાહિત્યની કેડી આરંભી હતી. આમ, વિવેચકે સ્નેહરશ્મિના સર્જક વ્યક્તિત્વ ઘડતર વિશે પરીચયાત્મક ચર્ચા કરી છે. બીજા પ્રકરણમાં વિવેચકે સ્નેહરશ્મિની કાવ્યપ્રકૃત્તિને તેમના કાવ્યસંગ્રહોને આધારે ચાર રીતે વિભાજીત કરી છે. એક, પરંપરાગત સાહિત્યના અનુસંધાનમાં રચાયેલા કાવ્યો, બીજું, ગુજરાતી સાહિત્યમાં હાઇકુ કાવ્યસ્વરૂપની પ્રયોગશીલતા, ત્રીજું નૂતન પરીપ્રેક્ષ્યમાં હાઇકુ કાવ્યસ્વરૂપનો વિકાસ અનુસંધાને કાવ્યસર્જન અને ચોથું તેમના બાળકાવ્યો. સર્જકના કાવ્યોની તપાસ સાથે-સાથે ગાંધીયુગીન વિચારસરણીનો સંદર્ભ તેમના કાવ્યોમાં દ્રષ્ટિગત થાય છે. સંગ્રહોની આસ્વાદ મુલક તથા અન્ય સર્જક-વિવેચકોના મંતવ્યો સાથે તુલના તથા કાવ્યોમાં વિષયવસ્તુ, અભિવ્યક્તિ અને ભાષાકર્મ વિશેની તપાસ આ પ્રકરણમાં જોવા મળે છે. ત્રીજા પ્રકરણમાં વાર્તાકાર સ્નેહરશ્મિનું અનુસંધાન અગાઉના કવિતાના પ્રકરણ સાથે જોડીને સૂત્રાત્મક શૈલીમાં કરે છે. સર્જકની વાર્તાઓમાં વિષયવસ્તુ, પાત્રચિત્રણ, ભાષાશૈલી નિરૂપણ રીતિ, પ્રતીકયોજના સંદર્ભે વિશ્લેષણાત્મક રીતે તપાસ કરી છે. તથા સમકાલીન સર્જકોના મંતવ્યો સાથે લઇ તુલનાત્મક રીતે સદષ્ટાંત વાર્તા ચર્ચા કરી છે. પ્રકરણ ચારમાં 'અંતરપટ' નવલકથામાં વિષયવસ્તુ, પાત્રાલેખન, ભાષાશૈલી સંદર્ભે ચર્ચા કરી છે. તથા પ્રતીતિજનકતા અને વસ્તુસંકલનની મર્યાદાઓ વિવેચકે દર્શાવી આપી છે. 'બે એકાંકી'ની પરિચયાત્મક નોંધ મૂકી છે. તથા તેમના વિવેચન અને સંપાદનકાર્યની સંક્ષિપ્ત ચર્ચા મળી રહે છે. પ્રકરણ પાંચમાં આત્મકથાની આસ્વાદલક્ષી ચર્ચા કરતા તેઓ તેને સ્મૃતિકથા તરીકે ઓળખાવે છે. અને સર્જક તરીકેના દરેક પાસાના અભ્યાસ બાદ તેમનું સમગ્રલક્ષી મૂલ્યાંકન જોવા મળે છે.

❖ ***'સર્જક- અષ્ટક'***:

પ્રસ્તુત પુસ્તકનો ધ્યેય કચ્છ પ્રદેશના આઠ વાર્તા સર્જકોની છબી પ્રગટાવવાનો રહ્યો છે. મુળે કચ્છ પ્રદેશ વતની હોવાથી તેમની વાર્તાઓમાં કચ્છ પ્રદેશનો ભૌગોલિક, સાંસ્કૃતિક

પરિવેશ નિરૂપયો છે. પ્રસ્તુત 'સર્જક અષ્ટક'માં ઐતિહાસિક ક્રમને ધ્યાને રાખી ચંદ્રશંકર બૂચ (સુકાની), બકુલેશ, જયંત ખત્રી, ડો. મનુભાઈ પાંધી, વનું પાંધી, નાનાલાલ જોશી, વીનેશ અંતાણી અને સ્વયં વિવેચક (ધીરેન્દ્ર મહેતા) આઠ સર્જકોની વાર્તાકળા વિશેની વિશિષ્ટતા અને તેમના જીવન વ્યક્તિત્વની ચર્ચા મળી રહે છે.

પ્રસ્તુત પુસ્તકમાં કથાસાહિત્યના સ્વરૂપમાં સર્જનકાર્ય કરનાર સર્જકોમાં સૌપ્રથમ લેખ ચંદ્રશંકર બૂચની વાર્તાઓ ઉપર છે. આ લેખ 'સુકાનીની સાગરકથાઓ' સંપાદન નિમિત્તે લખાયેલ છે. જેમાં સર્જકની સરજકતાની તપાસ સત્યઘટનામૂલક, સાહસપૂર્ણ ઘટનાઓ, સાગરકથાઓ, પાત્રોનું આલેખન, વર્ણન, ભાષાશૈલી સંદર્ભે કરી છે. જેમાં સર્જકની વિશેષતા અને મર્યાદાઓ પણ તેઓ દર્શાવે છે. વાર્તાકાર બકુલેશની સર્જક્તા લેખમાં વિવેચક તેમની વાર્તાઓમાં રહેલ ભાવનાત્મક અભિગમ નિરૂપણની ચર્ચા કરી છે. આ ઉપરાંત તેમની મર્યાદાઓ ચીંધી બતાવતા વિધાનો આ પ્રમાણે છે. 'પાત્રનિરૂપણમાં બૌધ્ધિક પ્રતીતિના અભાવે પણ કોઈક વાર ધારી અસર નીપજતી નથી.'[૩] કે પછી 'સામગ્રીનું વસ્તુમાં રૂપાંતર કરતી અને વસ્તુને ઉપેય(Theme) ની દિશામાં ગતિ આપતી પ્રક્રિયા અહી ગેરહાજર છે.[૩] બીજી તરફ તેમની વાર્તાઓમાં પાત્રનિરૂપણની વિશિષ્ટ ક્ષમતા ધરાવે છે. તે આ વિધાનમાં 'આ વિવિધરંગી પાત્રો ઉમદા આંતરિક ગુણોને લઈને એમના પ્રતિબધ્ધ સર્જકની સહાનુભૂતિમાં પાત્ર પણ બન્યાં છે.'[૪] આ ઉપરાંત તેમની અગ્રંથસ્થ વાર્તાઓની ચર્ચા કરી છે. જયંત ખત્રીની સર્જકપ્રતિભાની તપાસમાં દીર્ઘતા જોવા મળે છે. સૌપ્રથમ તેમના જીવન અને સર્જન વિશેની વિગતલક્ષી માહિતી મળે છે. જયંત ખત્રીના વાર્તાસર્જન લેખમાં સર્જકની વાર્તાસર્જનમાં પ્રક્રિયાની સ્વરૂપ સંદર્ભે ચર્ચા કરી છે. જેમાં સર્જકની વાર્તા સ્વરૂપ અંગેની સમજ, એમનો દ્રષ્ટિકોણ તથા વ્યવસાયિક અનુભવો સર્જનમાં કઈ રીતે ઉપયોગી બની રહે છે તેની વિગતો મળી રહે છે. 'ડૉ. જયંત ખત્રીની વાર્તાઓમાં પ્રાદેશિક રંગો' લેખમાં વસ્તુલક્ષી ચર્ચા કરવામાં આવી છે. કચ્છ પ્રદેશના રંગો કેવી રીતે વાર્તાઓમાં વણાયેલા છે તેની પરિવેશ સંદર્ભે 'ધાડ' વાર્તાનું દષ્ટાંત લઈ ચર્ચા કરી છે. તેમની વાર્તાઓને બકુલેશની વાર્તાથી જુદા પ્રકારની છે એમ કહી તુલના કરતાં જાય છે. તેમની વાર્તાઓમાં માર્કસ અને સિગમંડ ફ્રોઈડનો અભ્યાસ કઈ રીતે દશ્યમાન થાય છે તે 'ખીચડી' વાર્તા સંદર્ભે ચર્ચા કરી છે તથા પશ્ચિમના વાંચનથી તેમની સ્વરૂપ સમજ બંધાઈ હતી તેની નોંધ વિવેચકે લીધી છે. આ ઉપરાંત તેમની ગદ્યશૈલી વિશેષતા તથા 'ખલાસ' વાર્તાની પ્રયોગલક્ષી ધોરણે તપાસ કરવામાં આવી છે. જયંત ખત્રીની વાર્તાઓની

મર્યાદાઓની ચર્ચા કરતાં પ્રતીતિજનકતા પ્રશ્નોને તેઓ દર્શાવે છે. આમ, જયંત ખત્રીની સર્જકતાની તપાસ લંબાણપૂર્વક કરતાં જોવા મળે છે. જયંત ખત્રીના સર્જનની સમીક્ષામાં એકસૂત્રતા અને સંકલનના અભાવે સર્જકની જીવન વિગતનું પુનરાવર્તન થતું જોવા મળે છે. ‘ડો. મનુભાઈ પાંધીની’ સર્જકતા તપાસતા તેમના જીવનની વિગતો કેફિયતરૂપે આપે છે. તથા વિષયવસ્તુ પાત્રો (પ્રાણીપાત્રો) અને નિરૂપણરીતિ સંદર્ભે તપાસ કરી છે. ‘વનુ પાંધી’ વિષયક લેખમાં તેમની સાગરકથાઓ વિશેની ચર્ચા તેમના વાર્તાસ્વરૂપના સંદર્ભે કરી છે. ‘વિસરાયેલા અવિસ્મરણીય વાર્તાલેખક : નાનાલાલ જોશી’ લેખમાં તેમના જીવન ઘડતરની માહિતી તથા સર્જકની વાર્તાઓમાં પરંપરાગત વાર્તાસ્વરૂપના લક્ષણ તેઓ જોઈ શક્યા છે. ‘વીનેશ અંતાણીની વાર્તાઓ : ટૂંકી વાર્તામાં વાતાવરણ’ લેખમાં વિવેચકે ‘વાતાવરણ’ સંજ્ઞા વિશે ચર્ચા કરતાં પશ્ચિમના વિવેચકોની વિચારણા લઈને વાર્તામાં વાતાવરણની તપાસ કરી છે. જેમાં પ્રથમ ‘વાતાવરણ’ સંજ્ઞાની વિભાવના આપી વીનેશ અંતાણીની વાર્તામાં એ કઈ રીતે જોવા મળે છે? તેની સદષ્ટાંત તપાસ કરી છે. તેઓ પરિવેશને વાતાવરણ કહેતા નથી તેઓ ‘વાતાવરણ’ વિશે નોંધે છે કે, ‘વાતાવરણ’નું કામ સંકેતો આપવાનું છે. એમાં પાત્રનું વિગલન પણ થાય. એમાં સ્થળનું તેમ કાળનું સંયોજન હોય. ટૂંકમાં પરિવેશ એ જોવાની વસ્તુ છે, વાતાવરણ એ અનુભવવાની.’[૫] આમ વાર્તાસ્વરૂપમાં એક નવી જ ‘વાતાવરણ’ સંદર્ભે ચર્ચા કરી છે. ‘ટૂંકી વાર્તા અને હું’ લેખમાં વાર્તાકાર ધીરેન્દ્ર મહેતાની વાર્તાસ્વરૂપ વિશેની કેફિયતરૂપી ચર્ચા જોવા મળે છે. ‘ગુજરાતી વાર્તાસાહિત્યમાં કચ્છના લેખકોનું પ્રદાન લેખમાં કચ્છના આઠ લેખકોની વાર્તામાં કચ્છ પ્રદેશ પ્રતિક રૂપે, પરિવેશરૂપે, સાહસરૂપે, ઘટનારૂપે, પ્રસ્તુત બને છે તેની ચર્ચા કરવામાં આવી છે.

### ❖ *‘ઉમાશંકર મારા આભલામાં’*:

પ્રસ્તુત પુસ્તકમાં સર્જક સાથેના વિવેચક ધીરેન્દ્ર મહેતાના ઉમાશંકર જોશી સાથેના અવનવા સબંધોની યાત્રાના સંસ્મરણો છે. જેમાં ઉમાશંકર જોશી ગુરુ, મિત્ર, કવિ, મુરબ્બી એવા ભિન્ન ભિન્ન સ્વરૂપના સંબંધે ધીરેન્દ્ર મહેતા બંધાયા છે. તેની રસપ્રદ વિગતો આરંભમાં મળી રહે છે. ત્યારબાદ ઉમાશંકર જોશીના સર્જક ઉન્મેષો પ્રગટાવતા તેમની કવિ, નાટ્યકાર, એકાંકીકાર, વાર્તાકાર, નવલકથાકાર તરીકેની છબી નવ જેટલા લેખોમાં જોવા મળે છે. તેથી તેને સર્જક-કેન્દ્રી

વિવેચનમાં આ પુસ્તકનો સમાવેશ કર્યો છે. પ્રથમ લેખમાં ઉમાશંકર જોશી સાથે કવિતા વિષયક સંવાદ મૂકવામાં આવ્યો છે. જેનો સમાવેશ ‘બાતમી’ પુસ્તકમાં થયેલ છે. પ્રસ્તુત સંવાદમાં સર્જકની કવિતાની બદલાતી વિભાવના, ઊર્મિકાવ્ય સ્વરૂપની ઐતિહાસિક સંદર્ભે ચર્ચા કરી છે. ‘નિશીથને આવાહન’ લેખમાં સર્જકની પ્રતિભા તથા કૃતિને તેના ઐતિહાસિક સંદર્ભે તપાસી છે. જેમાં તે સમયની અસરનો પ્રભાવ તેમની સર્જકનાત્મક અભિવ્યક્તિમાં દશ્યમાન થાય છે. ‘આયુમાર્ગના દ્વિભેટે’ લેખમાં ઉમાશંકર જોશીના બે સોનેટ સ્વરૂપમાં રચાયેલા કાવ્યો ‘ગયાં વર્ષો-’ અને ‘રહયાં વર્ષો- તેમાંની વસ્તુલક્ષી તપાસ કરી છે. જેમાં વિવેચક કાવ્યાભાષાભિવ્યક્તિ, ભાષાકર્મ અને સોનેટ સ્વરૂપ સંદર્ભે આસ્વાદલક્ષી ચર્ચા કરી છે. ‘ઉમાશંકર જોશીના કાવ્યનાટકોનું સંવેદનવિશ્વ’ લેખમાં ‘પ્રાચીના’ અને ‘મહાપ્રસ્થાન’ ઉમાશંકર જોશીના સમગ્ર સાહિત્ય રાશિમાં સીમાચિહ્ન રૂપ ગણાય છે. આ બંને કાવ્યનાટકોએ વિવેચનને ઉત્તેજનારી કૃતિ તરીકે ધીરેન્દ્ર મહેતા ઓળખાવે છે. તથા અન્ય વિવેચકોના મંતવ્યોને સાથે રાખી સંવાદકાવ્ય, કાવ્યનાટક એવી સંજ્ઞા વિશે ચર્ચા કરી છે. આમ, પ્રસ્તુત લેખમાં કૃતિના વિષયવસ્તુ, પાત્રો, ભાષાકર્મ, અભિવ્યક્તિ, સંદર્ભે સર્જકની પ્રતિભાની તપાસ કરી છે. ‘પ્રાચીના’- ‘મહાપ્રસ્થાન’ના સંદર્ભે પદ્યનાટક’- લેખમાં કૃતિની વિષયવસ્તુ, પાત્ર, ભાષાકર્મ, અને સ્વરૂપ એના મંચન સંદર્ભે આસ્વાદલક્ષી રસપ્રદ ચર્ચા કરવામાં આવી છે. ‘બે એકાંકી’- લેખમાં સર્જકની ‘ઉડણ ચરકલડી’ એકાંકી સાથે જયંતિદલાલની ‘કળજેલાં’ એકાંકીનો તુલનાત્મક પધ્ધતિથી વિવેચના કરવામાં આવી છે. જેમાં નારી જીવનના કારુણ્યના વિષયવસ્તુની તુલના પાત્ર, પરિવેશ, સ્થળ સંદર્ભે કરવામાં આવી છે. ‘ઉમાશંકરની વાર્તાકળા’– લેખમાં વિવેચકે સર્જકની વાર્તાકળાને ચાર પ્રકારની ભાતમાં ઓળખાવતા કથનાત્મક શૈલી, પરિસ્થિતિ રૂપે વસ્તુનો વિકાસ, ચારિત્ર્યની સ્થાપના અને મનોવિશ્લેષણાત્મક અભિગમ ધરાવતી કહે છે. તેમની વાર્તાકળાને દર્શાવતા ‘મારી ચંપાનો વર’, ‘છેલ્લું છાણું’ જેવી વાર્તાઓને વસ્તુ, પ્રયુક્તિ, પાત્ર નિરૂપણરીતિ સંદર્ભે આસ્વાદલક્ષી રસપ્રદ વિવેચના કરી છે. આ ઉપરાંત તેમની વાર્તાઓમાં દુરિત તત્વનું નિરૂપણ જોવા મળે છે. ‘ઉમાશંકર જોશીની વાર્તાઓમાં દુરિત તત્વનું નિરૂપણ’ લેખમાં માનવજીવનના બાહ્ય વાસ્તવ કરતાં ભીતરી વાસ્તવ સર્જકના રસનું ક્ષેત્ર છે. વિવેચકે ‘છેલ્લું છાણું’, ‘લોહી તરસ્યો’ અને ‘ઝાકળિયું’ વાર્તાઓને દુરિત તત્વની શોધ સંદર્ભે તપાસી છે. ‘પારકાંજણ્યાં’: પુર્નમુલ્યાંકન’ લેખમાં સર્જકની નિષ્ફળ કહેવાયલી નવલકથાની ચર્ચામાં માનવીય સંવેદનની સંકુલતાને કેન્દ્રમાં લાવવાનું કાર્ય કર્યું છે. નવલકથાના પ્રકરણ અનુસાર કથાવસ્તુનો આસ્વાદલક્ષી

આલેખ મળી રહે છે. ધીરેન્દ્ર મહેતાના સર્જક કેન્દ્રી વિવેચના બાદ કથાસાહિત્ય સ્વરૂપની વિવેચના તેમનાં પુસ્તકોના આધારે ચર્ચા કરીએ. સૌપ્રથમ તો તેમનાં શોધનિબંધમ વિશે ચર્ચા કરીશું. ગુજરાતી સાહિત્યના નવલકથાઓનો ઉપેયલક્ષી ધોરણે અભ્યાસ કર્યો છે. આ સંશોધનકાર્યના ફળ સ્વરૂપે તેમણે પ્રત્યક્ષ વિવેચન વધુ પ્રમાણમાં કર્યું છે. જેમાં ગુજરાતી સાહિત્યના પુરોકાલીન અને સમકાલીન સર્જકોની કૃતિની વિવેચના તેઓ કરતા રહ્યાં છે. 'નિસબત', ગુજરાતી નવલકથાના પુર્નમુલ્યાંકનો, 'દર્શક અને બીજા વિશે' એના ઉદાહરણ સ્વરૂપ છે. જેમાં પ્રત્યક્ષ વિવેચના લેખો છે. જેમાં ગુજરાતી નવલકથા, ભારતીય નવલકથા એક, પાશ્ચાત્ય નવલકથા એક-(૧)ઓનો સમાવેશ થાય છે. તેમની વિવેચના વિસ્તારપૂર્વક વિવેચનાત્મક પદ્ધતિએ, અવલોકન, આસ્વાદ કે મૂલ્યાંકનલક્ષી રહી છે. તેઓ જે કૃતિની ચર્ચા કરવાની છે તે પરત્વે વસ્તુનિષ્ઠ બની અભ્યાસ કરે છે. કૃતિનિષ્ઠ અભિગમની સાથે તુલનાત્મક પધ્ધતિનો ઉપયોગ જોવા મળે છે. તેઓ કૃતિમાં નિરૂપિત સંવેદન, સર્જનકર્મ, પાત્રાલેખન, વસ્તુસંકલના, કથનપ્રયુક્તિ, સાંસ્કૃતિક-સામાજિક ખ્યાલ, પરિવેશ, લેખનશૈલી, નિરૂપણરીતિ, સમકાલીન વાતાવરણ, ભાષાકર્મ, પ્રયુક્તિ, પ્રતીક-કલ્પનોને લક્ષમાં રાખી આસ્વાદમૂલક ભૂમિકાએ મૂલ્યાંકન કર્યું છે.

### ❖ *'નંદશંકરથી ઉમાશંકરઃ ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય'* :

વિવેચક ધીરેન્દ્ર મહેતાનું નવલકથા પરત્વેનું સંશોધન કાર્ય છે. ઈ.સ. ૧૮૬૬ થી ૧૯૪૦ સુધીની નવલકથાઓમાં સમકાલીન પરિબળોની ઉપેયલક્ષી અભિગમ ( Thematic approach )થી તપાસ કરવામાં આવી છે. ગુજરાતી સાહિત્ય વિવેચના ઇતિહાસમાં સૌપ્રથમ આ નવીન અભિગમ અને નવલકથા સ્વરૂપનો આટલો દીર્ઘપટ આવકાર્ય છે.

પ્રસ્તુત શોધનિબંધ કાર્યને નવ(૯) પ્રકરણમાં વિભાજિત કર્યો છે. પ્રથમ પ્રકરણમાં નવલકથામાં વિષયની વિભાવના, બીજા પ્રકરણમાં ગુજરાતી નવલકથા સ્વરૂપની ઉદ્દભવ ભૂમિકા, ત્રીજા પ્રકરણમાં આરંભકાળની નવલકથાઓ, ચોથા પ્રકરણ અને પાંચમાં પ્રકરણમાં અનુક્રમે 'સરસ્વતીચંદ્ર' અને તેની સમકાલીન અને તરત પછીની નવલકથાઓ છઠ્ઠા પ્રકરણમાં 'વેરની વસુલાત'થી 'રાજાધિરાજ', સાતમાં પ્રકરણમાં 'જયંત'થી અને છેલ્લા પ્રકરણમાં ઉપસંહાર તથા

શોધકાર્યમાં ઉપયોગી થયેલ સંદર્ભગ્રંથસૂચિ, સામાયિક લેખસૂચિ, કૃતિ વ્યક્તિના નામ સૂચિ તથા પરિશિષ્ટમાં નવલકથાઓ નામે પ્રકાશિત થયેલ રચનાઓની એક હજાર બસો છાસઠ(૧૨૬૬) સુદીર્ઘ સૂચિ. આમ, સંશોધન કાર્યની ગંભીરતા અને કાર્ય તરફની ચોકસાઈપૂર્વકની નિષ્ઠા વિવેચકમાં જોવા મળે છે.

પ્રથમ પ્રકરણમાં સ્વાભાવિક રીતે ઉપેયલક્ષી અભિગમ વિશેની વિભાવના તેનું મહત્વ વિશેની ચર્ચા કરવામાં આવી છે. 'ઉપેય'(વિષય) સંજ્ઞાને અંગ્રેજીમાં 'થીમ'(Theme) કહેવાય છે. તથા તેના અન્ય પર્યાયો સામગ્રી(Material), વસ્તુ(Content) અને કથયિત્વયના અતિ સુક્ષ્મ ભેદ વિશે સદ્રષ્ટાંત ચર્ચા કરી છે. તેઓ 'થીમ'ને જ વિષય કહે છે. તે માટે વિવેચક નોંધે છે, 'લેખકનું વિશિષ્ટ દ્રષ્ટિબિંદુ( Point of view ) તેમાંથી વિષય નીપજાવે છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ આ રીતે નીપજેલા વિષય માટે 'ઉપેય' શબ્દ સૂચવ્યો છે. યશવંત શુક્લે પણ પોતાના એક લેખમાં એ શબ્દ વાપર્યો છે.'[૬] આમ, વિવેચકની સમજ અનુસાર લેખકની ગતિ વિષય તરફની હોય છે એણે જે કહેવું છે તેની શોધ તેને સિદ્ધ કરવાનો પ્રયત્ન કૃતિમાં ઉપાયો કરે છે. એ રીતે વિષય માટે 'ઉપેય' શબ્દ સાર્થક ગણાવે છે. પરંતુ જો લેખકનું દષ્ટિબિંદુ કૃતિમાં ન પકડાય તો સામગ્રીને વિષય માની લેવાની ગંભીર ભૂલ થઈ શકે છે. તેની સ્પષ્ટતા પણ તેઓ કરે છે. પરંતુ જયારે વિવેચક માર્કશોરરની ટેકનિક સંદર્ભે વિષયની ચર્ચા કરે છે. ત્યારે થોડી સંદિગ્ધતા પ્રવેશે છે. વિષય એ ઘટના, પાત્ર, સંવાદ, સ્થળ, કાળ, ભાષાશૈલી જેવા નવલકથાના ઘટકોના સંદર્ભોમાં લેખક યોજે છે. બીજા પ્રકરણમાં ગુજરાતી નવલકથાની ઉદ્દભવની અઢી પાનાની ભૂમિકારૂપ નોંધ મૂકી છે અને ત્રીજા પ્રકરણમાં આરંભકાળની નવલકથાઓ 'કરણઘેલો', 'સાસુવહુની લઢાઈ', 'ચંદાકુમારીની વાર્તા', 'અંધેરી નગરનો ગર્ધવસેન', 'કમળાકુમારી', 'ભાનુમતી', 'હિંદ અને બ્રિટાનીયા' જેવી મુખ્ય અને ગૌણ નવલકથા વિશે સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય સંદર્ભે તુલનાની શૈલીમાં છણાવટ કરી છે. અહીં બે પ્રકરણને સ્થાને એક જ પ્રકરણ હેઠળ આ ભૂમિકાને મૂકી શકાત. પ્રકરણ ચારમાં 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, સંદર્ભ સહિત વિષયની તપાસ કરી વિવેચકે કરી છે. જેમાં લગ્નજીવન, પુનર્લગ્ન, સંયુક્ત કુટુંબસંસ્થા, એ સમયનું રાજતંત્ર વગેરે સંદર્ભે કથાસાર અને એ સમય તરફનો લેખકનો દષ્ટિકોણ ઉપેયરૂપે કઈ રીતે જોવા મળે છે તેની

ચીવટપૂર્વક તપાસ કરતાં તેઓ નોંધે છે કે ‘કૃતિને અંતે તેનો આ મનોરથ કલ્યાણગ્રામની યોજનારૂપે સિદ્ધ થતો જોઈ શકાય છે. જીવનમુક્ત સરસ્વતીચંદ્રના આ રીતના જીવન-સ્વીકાર દ્વારા લેખકે પોતાની પ્રવૃત્તિમય સંન્યાસની ભાવના મૂર્ત કરી છે અને આ જ તત્વ ‘સરસ્વતીચંદ્ર’ને ચિરંજીવ બનાવનારું છે એવું ઉમાશંકર જોશીનું કથન યથાર્થ છે. આ જ ‘સરસ્વતીચંદ્ર’નું મુખ્ય ઉપેય છે.’[૭](પૃ.-૬૮) પાંચમાં પ્રકરણમાં ‘સરસ્વતીચંદ્ર’ની સમકાલીન અને તે પછી રચાયેલી નવલકથા વિશેની ચર્ચા કરવામાં આવી છે. ‘ભંદ્રભદ્ર’, ‘મુકુલમર્દન’ જેવી કૃતિમાં સામાજિક સંદર્ભે તપાસ કરી છે. બાળલગ્ન, કજોડાં, અંધશ્રધ્ધા, જેવા કુરિવાજોનું વિષયવસ્તુ નવલકથામાં સુધારારૂપે જોવા મળે છે. તથા ‘સરસ્વતીચંદ્ર’ની અસરો તે સમયની ‘અલ્ક્ષ્યજ્યોતિ’ અને ‘પદ્મનાભ’ જેવી રચનાઓમાં જોવા મળે છે તેની નોંધ વિવેચકે લીધી છે. આમ, પ્રસ્તુત પ્રકરણમાં ગોવર્ધનયુગમાં સુધારકેન્દ્રી વિષયો નવલકથામાં જોવા મળે છે. જે તે સમયના સર્જકની ચેતના ઉપર પડેલી અસરોને દર્શાવે છે. છટ્ઠા પ્રકરણમાં ‘વેરની વસુલાત’, ‘ગુજરાતનો નાથ’, ‘રાજાધિરાજ’, ‘પાટણની પ્રભુતા’, ‘પૃથિવીવલ્લભ’ વગેરે જેવી ઐતિહાસિક વિષયવસ્તુ લઈને કનૈયાલાલ મુનશીની કૃતિઓમાં વિષયની તપાસ કરી છે. વિષયની તપાસ કરતા તેઓ અગાઉની કૃતિના સંદર્ભે તુલના કરતા જાય છે. આ ઉપરાંત લેખકની નિરૂપણરીતિ વિષયસામગ્રીને વાર્તારૂપ આપવાની વિશેષતા તથા પાત્રની સંકુલતા પણ વિવેચકે દર્શાવી છે. ‘ગુજરાતી નવલકથા સાહિત્યમાં જે કાળે મોટે ભાગે કથનનો આશ્રય લેવાતો, પાત્રો આવીને લેખકના વિચારો વહી જતાં તે કાળે મુનશીએ પાત્રોના અભિપ્રાયરૂપે વિષયને પ્રસ્તુત કર્યો છે. તેમ જ અનુરૂપ પ્રસંગયોજાના અને સંવાદો દ્વારા તેને પ્રત્યક્ષ પણ કર્યો છે વિષય અને તેની અભિવ્યક્તિ ઉભય દષ્ટિએ મુનશી, આમ, નોખા તારી આવે છે.’[૮] અહી વિવેચકે લેખકના વિષય પરત્વેના દષ્ટિકોણની સાથે તેની સર્જકતાને તપાસી સમકાલીન લેખક કરતા મુનશી થોડા ભિન્ન દર્શાવ્યા છે. પ્રસ્તુત પ્રકરણમાં સુધારાના પ્રવાહ સાથે રાષ્ટ્રહિતનો વિષય કેન્દ્રમાં આવે છે. પ્રસ્તુત પ્રકરણમાં વિવેચક કથાવસ્તુ, પાત્ર, વસ્તુસંકલન સંદર્ભે નોંધ કર્તા રહ્યાં છે. પ્રકરણને અંતે વિવેચક જણાવે છે કે સરસ્વતીચંદ્ર કૃતિમાં વિષયનિષ્ઠ રહેવાનો હેતુ તેના લેખકનો રહ્યો પરંતુ મુનશીની કૃતિમાં વિષયને વાર્તાનું રૂપ આપવાનો પ્રયાસ નિષ્ફળ જતાં વિષય વાર્તા નીચે દબાઈ જાય છે. પ્રકરણ સાતમાં રમણલાલ દેસાઈની નવલકથાઓ ‘જયંત’, ‘શિરીષ’, ‘દિવ્યચક્ષુ’, ‘ગ્રામલક્ષ્મી’ જેવી કૃતિની તપાસ હાથ ધરી છે. રાષ્ટ્ર સ્વતંત્રતાનો દષ્ટિકોણ પ્રસ્તુત કૃતિઓમાં વિષય નિરૂપ્ય બન્યો છે. તે વિષયક ચર્ચા કરતા વિવેચક બીજી વાતની નોંધ લે છે

'માનસિક ભૂમિકાએ રહીને મનોભાવરૂપ વિષયનું નિરૂપણ કરવાનો અભિગમ ગુજરાતી નવલકથા સાહિત્યમાં સૌપ્રથમ આ કૃતિમાં જોવા મળે છે.[૯] આમ, આ સમયની કૃતિમાં પાત્રના મનોભાવને નિરૂપ્ય વિષય બન્યો. તથા ગાંધી વિચારો અસ્પૃશ્યતા નિવારણ અંત્યજોદ્ધારના કાર્યક્રમો, સ્ત્રીના સ્વાતંત્ર્ય જેવા વિષયો કૃતિમાં વર્ણવાયા છે. આમ, સંસાર સુધારાના પરંપરાગત પ્રશ્નો ઉપરથી સમગ્ર દેશને સ્પર્શતી સમસ્યાઓ કેન્દ્રમાં આવી. પ્રકરણ આઠમાં 'નિરંજન, 'વસુંધરાના વ્હાલા દવલા', 'શોભના', 'અજીતા', 'બંધન અને મુક્તિ', 'તુલસીક્યારો', 'વેવિશાળ', 'પારકાજણ્યાં' જેવી નવલકથાઓનો સમાવેશ થાય છે. જેમાં લેખને માનવમનની ગતિવિધિમાં રસ પડ્યો છે. પ્રસ્તુત કૃતિમાં સ્વાતંત્ર્ય, સામ્યવાદી વિચારધારા, રાષ્ટ્રધર્મ, સાંસ્કૃતિક પરિવર્તનો વિષયરૂપે નિરૂપાયા છે. જેમાં વિષય, પાત્રો, સ્થળ, કાળ, વાતાવરણ, સંદર્ભે વિષય નિરૂપણના પ્રયત્નો વિવેચકે તપાસ્યા છે. 'સોરઠ તારા વહેતા પાણી' કૃતિમાં સાંસ્કૃતિક પરિવર્તન પામતા વાતાવરણને વિષય તરીકે નિરૂપ્ય બને છે. તથા માનવમનની સંકુલતાઓનું નિરૂપણ 'પારકાજણ્યાં' કૃતિમાં જોવા મળતા વિવેચક નોંધે છે કે 'માનવમનના અજ્ઞાત રહસ્યોને નવલકથામાં નિર્ણાયક બળ પ્રાપ્ત થયું ત્યારથી આધુનિક નવલકથાનો આરંભ થયો; ગુજરાતી નવલકથા સાહિત્યમાં એ વળાંક 'પારકાજણ્યાં' થી આવ્યો'[૧૦] (પૃ.-૨૬૯) વિવેચકે ઉપસંહારમાં અગાઉ થયેલી ચર્ચાના આધારે આ વિવેચનકાર્યથી થયેલ શોધને દર્શાવી છે. તેઓ ગુજરાતી નવલકથાઓમાં નિરૂપાયેલ વિષયોના પ્રમુખ પરિબળો દ્વારા નવલકથા સ્વરૂપ બદલાયું છે. સમાજસુધાર, રાજકીય સબંધ, પ્રણય, સ્ત્રીપુરુષના સબંધોનું ચિત્રણ, દલિત-ઉપેક્ષિતજનોના વિચાર જેવા વિષયો નવલકથામાં વર્ણ્યવસ્તુ રહ્યા નથી પરંતુ લેખકની સર્જન શક્તિના આધારે તેના પરિણામો પ્રતિબિંબરૂપે મળતા રહ્યા છે.

પ્રસ્તુત વિવેચનકાર્યમાં વિવેચકે અતિ દીર્ઘ સમયગાળાનું સંકલન પ્રવાહિત ભાષાશૈલીમાં કર્યું છે. શોધકાર્યનો દષ્ટિકોણ વિષય દષ્ટિએ જોવા મળે છે. એના કરતા તેમાં સામાજિક અભિગમ વધુ દશ્યમાન થતો રહે છે. ૧૮૬૬થી ૧૯૪૦ સુધીના સમયમાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, પરિવર્તનો નવલકથાઓમાં સતત દષ્ટિગત વિવેચક કરતા રહ્યાં છે. જે રસપ્રદ બને છે પરંતુ ઉપેયની શોધ આંશિક રહી છે. છતાં પણ પ્રસ્તુત શોધકાર્ય ગુજરાતી સાહિત્યમાં નવલકથાના ઇતિહાસનું આલેખન ઉમદા અને અન્ય અભ્યાસીઓ અર્થે અતિ ઉપયોગી કાર્ય બની

રહેશે. પ્રસ્તુત શોધનિબંધમાંથી પસાર થતા સતત 'વિષય' અને 'ઉપેય'ની સંજ્ઞાની એકસૂત્રતા સંશોધક જાળવી શક્યા નથી. અર્થાત વિવેચકે 'ઉપેય' જ સંજ્ઞાનો ઉપયોગ કર્યો હોત તો વધુ વિશદતા લાવી શક્યા હોત. ખરેખર પ્રસ્તુત શોધકાર્યની આગવી પધ્ધતિ જોઈ શકાય છે કે સૌપ્રથમ ઉપેય અભિગમની યોગ્ય ચર્ચા અને તે જ દષ્ટિકોણની નવલકથામાં તેની શોધ થવી જ યોગ્ય છે. જે વિવેચક યોગ્ય રીતે કરી શક્યા છે. પરંતુ વિવેચક સતત વિષયની તપાસ કૃતિગત વિશ્વમાં અર્થાત ઘટના, પાત્ર, સ્થળ, કાળ, પરીવેશ, ભાષાશૈલી સંદર્ભે અતિ અલ્પ જોવા મળે છે. જયારે સમકાલીન સંદર્ભની તપાસ યોગ્ય બની છે. જે તેમના શોધકાર્યના શીર્ષક અનુસાર સમકાલીન સંદર્ભે યોગ્ય બની રહે છે. આમ, નવલકથા વિશેનો એક આલેખ પ્રથમ નવલકથામાં સુધારો, રાષ્ટ્રની એકતા, સ્વાતંત્ર્ય, માનવમનની સંકુલતા જેવા સ્થિતયંતરો જોવા મળે છે.

પ્રસ્તુત શોધકાર્યના ફળ સ્વરૂપે વિવેચક બે વિવેચનસંગ્રહ 'નિસબત' અને 'ગુજરાતી નવલકથા પુનર્મૂલ્યાંકનો' મળી રહે છે. જેમાં વિવેચકની ભિન્ન વિવેચના જોવા મળે છે. 'નિસબત'- વિવેચનાત્મક પુસ્તકમાં સ્વતંત્રતા પૂર્વેના સમયમાં નવલકથાઓમાં જોવા મળતો સામાજિક દ્રષ્ટિકોણની શોધ છે. પ્રસ્તુત પુસ્તકમાંથી પસાર થતા તેમના સંશોધનકાર્યનો વિષય 'નંદશંકરથી ઉમાશંકર ગુજરાતી નવલકથાઓ ઉપેયલક્ષી સ્વાધ્યાય' પરત્વે થયેલી સૂઝમાંથી જન્મેલ આ વિવેચન કાર્ય છે. જે વિશે યશવંત રાય શુક્લ નોંધે છે કે 'નવલકથાને લક્ષમાં રાખીને થયેલું આ એક વિશિષ્ટ સામાજિક સંશોધન છે'.[૧૧] <u>'નિસબત'</u> વિવેચનસંગ્રહમાં સ્વતંત્રતા પહેલાના સમયની નવલકથાઓમાં સામાજિક સંદર્ભ વણાય ગયા હતા. તેની તપાસ અહી (૧૧) અગિયાર જેટલાં લેખોમાં જોવા મળે છે. સંગ્રહનો પ્રથમ લેખ 'ગુજરાતી નવલકથા અને સમાજ સુધારો' છે. ઓગણીસમી સદીનાં ઉતરાર્ધમાં નવલકથા સ્વરૂપ ગુજરાતી ભાષામાં મળે છે. તે સમયમાં સુધારાની પ્રવૃત્તિ વેગમાં હતી. એ સમય સમાજમાં જ્ઞાતિજડતા, વહેમ અને અંધશ્રદ્ધા, સ્ત્રીની અવદશા, કુરિવાજો, ફરજીયાત વૈવિધ્ય, કુટુંબવ્યવસ્થા વિષયક સુધારાનો પ્રવાહ જોવા મળતો હતો. આ જીવાતા જગતને જાણે નવલકથા સ્વરૂપમાં તે સમયના સર્જકોએ વણી લીધું. તે વિશેની તપાસ વિવેચકે અહીં કરી છે. વિવેચકે અહી સ્વાતંત્ર્ય પૂર્વેની 'કરણઘેલો', 'સાસુ વહુની લડાઈ', 'ભદ્રંભદ્ર', 'ગ્રામ લક્ષ્મી', 'રત્નલક્ષ્મી', 'મુન્દ્રા અને કુલીન', 'સરસ્વતીચંદ્ર', 'શિરીષ', વગેરે જેવી કૃતિમાં રહેલ સામાજિક સમસ્યાઓને નિરૂપણને દર્શાવ્યું છે. જેમાં કૃતિના વિષય અને પાત્રગત તપાસ વિવેચકે કરી છે. આ દીર્ઘ લેખ પછી 'સ્વાતંત્ર્ય પૂર્વ નવલકથામાં સ્ત્રીનું સ્થાન, સ્ત્રીપુરુષ

સબંધનું નિરૂપણ, રાજકીય સંદર્ભ, કોમી એકતાના પ્રશ્નો, દલિતો ઉપેક્ષિતના પ્રશ્નો, જીવનમૂલ્યો વિશેની ચર્ચા કરવામાં આવી છે. સ્ત્રીનું સ્થાન વિષયક ચર્ચામાં વિવેચકે ‘કરણઘેલો’, ‘ચંદાકુમારીની વાર્તા’, ‘કમળાકુમારી’, ‘સરસ્વતીચંદ્ર’, ‘સાસુવહુની લડાઈ’, ‘નિરંજન’, ‘સોરઠ તારા વહેતાં પાણી’, ‘ભારેલો અગ્નિ’, ‘ધીમું અને વિભા’, ‘મળેલા જીવ’, માનવીની ભવાઈ’ વગેરે કૃતિના પાત્રોની સ્થિતિ પરિસ્થિતિમાં વણાયેલા તાણાવાણાં કઈ રીતે જોવા મળે છે. તેની તપાસ કરી છે. ‘સરસ્વતીચંદ્ર’, ‘કોનો વાંક’, ‘ક્ષિતિજ’, ‘રૂપજીવિની’, ‘બંધન અને મુક્તિ’, ‘જયંત’, ‘સ્વપ્નદષ્ટા’ વગેરે કૃતિઓમાં સ્ત્રીપુરુષના સબંધોના નિરૂપણ તપાસ્યા છે. નવલકથામાં રાજકીય સંદર્ભે ‘સરસ્વતીચંદ્ર’, ‘બંધન અને મુક્તિ’, ‘સ્વપ્નદષ્ટા’ વગેરે કૃતિઓમાં જોવા મળે છે. આ ઉપરાંત નવલકથામાં કોમી એકતાના પ્રશ્નોનું નિરૂપણ ‘કરણઘેલો’, સરસ્વતીચંદ્ર’, ‘નિરંજન’ જેવી કૃતિમાં દ્રશ્યમાન થાય છે. તો દલિતો ઉપેક્ષિતોનો પ્રશ્ન ગ્રામ્ય સ્તરે ‘પદ્મનાભ’, ‘એમ એ બના કે મેરી મીટ્ટી ખરાબ કયો કી’?; તથા અસ્પૃશયતાના સંદર્ભે ‘ગ્રામલક્ષ્મી’ અને રમણલાલ દેસાઈની કૃતિમાં દલિત વર્ગના પ્રશ્નોનું નિરૂપણ વિવેચક દ્રશ્યમાન કરે છે. જીવનમૂલ્યોને કેન્દ્રિત કરતી રચનાઓ ગોવર્ધનરામ, રમણલાલ, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, નંદશંકર મહેતા વગેરેની રચનાઓમાં દ્રશ્યમાન થાય છે. આમ વિવેચક નોંધે છે કે સ્વાતંત્ર્ય પૂર્વેની રચનાઓમાં અધિક જીવનમુલ્યોનું સંરક્ષણ, સંવર્ધન, થતું રહ્યું છે. જે જીવન પ્રત્યેની નિષ્ઠાને જ પ્રગટાવે છે. ગુજરાતી નવલકથા સાહિત્યમાં ‘દિવ્યચક્ષુ’, ‘ગ્રામલક્ષ્મી’, ‘ભારેલો અગ્નિ’, ‘ઝેર તો પીધા છે જાણી જાણી’ જેવી કૃતિમાં અહિંસાનું તત્વ છે. ‘ગુજરાતી નવલકથા સાહિત્યમાં અહિંસાનું નિરૂપણ’ લેખમાં વિવેચકે રમણલાલ દેસાઈની ‘દિવ્યચક્ષુ’થી માંડીને રઘુવીર ચૌધરીની ‘ઉપરવાસ’ કૃતિઓમાં ગાંધી વિચારધારાના અહિંસાના ઘટકોની વિગતે તપાસ કરી છે. મનોભાઈ પંચોળી દર્શક કૃત ‘ઝેર તો પીધા છે જાણી જાણી’ એન રઘુવીર ચૌધરી કૃત ‘ઉપરવાસ’ બંને કૃતિમાં ગાંધીવિચાર ધારા વિષયક ચર્ચા કરી છે. ‘ગુજરાતી નવલકથામાં વાસ્તવના રૂપો’- લેખમાં વિવેચકે વાસ્તવને માત્ર કથાવસ્તુ સાથે નહિ પણ ઘટના પાત્રો, સ્થળકાળ સાથે સબંધ હોય છે. ઐતિહાસિક – પ્રાદેશિક – સમયપરક – મનોવૈજ્ઞાનિક – વિચારપ્રધાન એમ વાસ્તવનું રૂપ બદલાતું રહે છે. ‘ગુજરાતી નવલકથામાં ટેકનિકનો પ્રશ્નઃ પોણી સદી’ – લેખમાં ગુજરાતી નવલકથા સ્વરૂપના આરંભની કૃતિ ‘હિન્દુસ્તાન મધ્યે એક ઝૂંપડું’થી માંડીને ‘સોરઠ તારા વહેતા પાણી’ સુધીની દરેક કૃતિની ચર્ચા વિગતે વિવેચક કરે છે. જેમાં ‘સરસ્વતીચંદ્ર’ કૃતિથી પીઠ ઝબકાર, સ્વગતોકિત જેવી પ્રયુક્તિ જોવા

મળે છે. વિવેચક નોંધે છે કે 'ગુજરાતી નવલકથાની પોણી સદીના આ વૃતાન્ત પરથી ખ્યાલ આવે છે કે એમાં ઉત્તરોઉત્તર ટેકનિક અંગેની સમજ પ્રગટતી આવી છે. ટેક્નિકનાં રૂઢ તત્વોમાંથી ઘૂંટવાનું બન્યું નથી પરંતુ એ તત્વોમાં સુક્ષ્મતા જરૂર આવતી ગઈ છે!'[૧૨] (પૃ.-૨૯૬) આમ, પ્રસ્તુત વિવેચનસંગ્રહમાં નવલકથાને કેન્દ્રમાં રાખી એ સમયના સામાજિક જીવનનો ક્યાસ કાઢવામાં આવ્યો છે. જેમાં વિવેચકે સ્વાતંત્ર્યયુગ પૂર્વેની મુખ્ય કૃતિઓ અને ગૌણ કૃતિઓના સંદર્ભો સમાવ્યા છે. જેમાં વિવેચકના બહોળા વાંચણનો પ્રભાવ આપણે જોઈ શકીએ છીએ.

## ❖ *'ગુજરાતી નવલકથાના કેટલાંક પુનર્મૂલ્યાંકન'*:

પુસ્તકમાં કથાસાહિત્યનો વિવેચન સંગ્રહ છે. જેમાં મુખ્યત્વે નવલકથા સ્વરૂપની કૃતિની તેનામાં રહેલી વિશિષ્ટતાને આધારે વિવેચના કરી છે. વિવેચક ધીરેન્દ્ર મહેતા નિવેદનમાં નોંધે છે 'જોઈ શકાશે કે આ કૃતિઓ કે કર્તાઓ નવલકથાના પટ પર એક ચોક્કસ બિંદુએ પ્રતિષ્ઠિત છે. અને કૃતિ જ્યાં કર્તાનું પ્રતિનિધિત્વ કરતી નથી ત્યાં એમના કોઈ વિશિષ્ટ કે વિલક્ષણ તત્વને લઈને ધ્યાનપાત્ર જણાઈ છે.'[૧૩] આમ, કૃતિમાં રહેલ કોઈ વિશિષ્ટ તત્વને કેન્દ્રમાં રાખી નવલકથા સ્વરૂપના કોઈ પ્રત્યક્ષ વિવેચનમાં વિવેચકનો અભિગમ કૃતિનિષ્ઠ રહ્યો છે. તે માટે તેઓ નોંધે છે કે 'આ કૃતિનિષ્ઠ વિવેચનો માટે કૃતિ પસંદગીનું કર્તૃત્વ વિવેચકનું નથી. નિમિત્તોનું કે એ નિમિત્તો ઊભા કરી આપનારું છે.'[૧૪] પ્રસ્તુત વિવેચન સંગ્રહમાં ગુજરાતી સાહિત્યના પંડિતયુગની 'સરસ્વતીચંદ્ર'થી માંડીને આધુનિકયુગની 'બીજું કાંઇ નથી (વીનેશ અંતાણી) સુધીની કૃતિઓની વિવેચના કરવામાં આવે છે. આ ઉપરાંત સંગ્રહના ચર્ચા વિભાગમાં વાર્તા, ગુજરાતી નવલકથાનો વળાંક, જાનપદી નવલકથા, લોકભોગ્ય નવલકથા, સાહિત્યિક નવલકથા, લઘુનવલ સ્વરૂપ વિષય પર ચર્ચા કરી છે. પ્રસ્તુત વિવેચન સંગ્રહનો પ્રથમ લેખઃ 'સરસ્વતીચંદ્ર નિરુપણરીતિની દ્રષ્ટિએ' છે. ચાર ખાંડમાં પ્રસ્તારીત કૃતિની નિરૂપણરીતિની તપાસ કરી છે. નિરૂપણરીતિ વિશે કૃતિગત સમજ આપતા કથન અને વર્ણન એમ બે સ્તર ગણાવે છે. તે માટે કહ્યું છે કે 'ભૂતકાળની વાત કથાનાત્મકરીતિએ ચાલે છે અને વર્તમાનકાળની વાત વર્ણનાત્મક રીતિએ'[૧૫] નિરૂપણરીતિ સંદર્ભે સ્વપનપ્રયુક્તિ, પીઠ ઝબકાર, સ્વગતોકિત, પત્રાત્મક શૈલી ચર્ચા કરી છે. તથા તેઓ સર્જકની વિશેષતા અને મર્યાદાઓ ચીંધી બતાવે છે. 'લોપામુદ્રા'- નવલકથા - નાટકનું દ્વૈત' લેખમાં કનૈયાલાલ મુનશીની કૃતિ 'લોપામુદ્રા' નવલકથા અને નાટકનું મિશ્રણ છે. જેમાં કૃતિના સ્વરૂપ

વિધાનની ચર્ચા આસ્વાદ- સમીક્ષા રૂપે આપી છે. જેમાં કનૈયાલાલ મુનશીનો નિરૂપણરીતિને લગતો પ્રયોગ મર્યાદારૂપ બની રહે છે. સર્જકની અન્ય કૃતિની તુલનાએ ચર્ચા કરી છે. પ્રસ્તુત લેખમાં વિવેચક કૃતિના કથાવસ્તુ, પાત્રચિત્રણની અતિ દીર્ઘ ચર્ચા કરી છે. બે સ્વરૂપનું મિશ્રણ કરતાં સર્જક સતત નવલકથા સ્વરૂપમાં ઢળી પડતાં દ્રશ્યમાન થાય છે. તેથી વિવેચક 'વસ્તુ પરિસ્થિતિમાં રૂપાંતર પામીને, એકાગ્રતા જાળવીને પોતાની સંકુલતા પ્રગટ કરે, એવી નાટ્ય સહજ અપેક્ષા ભાગ્યે જ સંતોષાય છે. આને પરિણામે નવલકથાનું સ્વરૂપ જ વાચકની સામે આવ્યા કરે છે.'[૧૬] અહીં વિવેચનના મૂલ્યાંકનલક્ષી બની રહે છે. 'રમણલાલ દેસાઈની બે નવલકથાઓ' લેખમાં 'ઠગ' અને 'હદયવિભૂતિ'માં વિષય નાવીન્યની કૃતિ છે. વિવેચકે કથાવસ્તુ અને નિરૂપણરીતિ સંદર્ભે કૃતિગત તપાસ કરી છે તથા બંને કૃતિની તુલના આસ્વાદલક્ષી બની રહે છે. 'વેવિશાળ' અને ' 'તુલસીક્યારો'- લેખમાં વસ્તુની દ્રષ્ટિએ બંને કુટુંબકથા છે. વિવેચકે અહી સાંસ્કૃતિક પરિવર્તનોને કારણે મૂલ્ય પરીવર્તનની ચર્ચા કરી છે. બંને કૃતિમાં સ્ત્રીપાત્ર વિષયક તુલના જોવા મળે છે. આ ઉપરાંત કથાવસ્તુ, પાત્ર પરત્વે તુલના દ્વારા વિવેચના કરી છે. 'જયંતિદલાલની નવલકથાઓ' લેખમાં જયંતિદલાલની 'ધીમું અને વિભા' નવલકથાના પાત્રોમાં રહેલ મનોવૈજ્ઞાનિક અભિગમની તપાસ વિવેચક કરે છે. જેની સદષ્ટાંત ધીમુની મનોદશાની ચાર ભૂમિકાની સૂક્ષ્મદષ્ટિથી અવલોકન કર્યું છે. 'સૂક્ષ્મબૌદ્ધિકતા, તીવ્ર સંવેદનપટુતા, યુગચેતનાની સમજ, માનવમનની આંટીઘૂટીની જાણકારી, વસ્તુના અંશોની ઉચિત પસંદગી, શબ્દવિવેક નિરૂપણરીતિ અંગેની સૂઝ; એક સારી નવલકથાના સર્જન માટે કેટકેટલીક સજ્ઞતાની જરૂર પડે છે તેનો ખ્યાલ: 'ધીમું અને વિભા' આપે છે'[૧૭] તથા સર્જકની કૃતિ 'પાદરના તીરથ' ચર્ચા કરી છે. વિવેચકે સંકુલ મનોદશા ધરાવતા ચારિત્ર્યોની વિશ્લેષણાત્મક રીતે ચર્ચા કરી છે. 'દીપનિર્વાણ'ની પ્રભાવકતા' - લેખમાં કૃતિના કળાકીય ધોરણોને પૂર્ણપણે જાળવી નહિ શકેલી પરતું કૃતિનો ચિરંજીવી પ્રભાવ પાડી શક્તિ કૃતિ કહી છે. જેને વિવેચનાને પડકાર ફેંકતી આકૃતિ છે.

'આ સ્વરૂપની કૃતિને ભાષાકીય ઓજારો કે સંવિધાનની દ્રષ્ટિએ મૂલવવાનું આજે પણ સર્વથા હિતાવહ નથી'.[૧૮] પ્રસ્તુત કૃતિની ચર્ચા તેના સમય સંદર્ભમાં રહી આસ્વાદલક્ષી વિવેચના કરી છે. 'ઝેર તો પીધા છે જાણી જાણી – આખી માનવજાતની કથા' લેખમાં વિવેચક કથાવસ્તુનો વિગતે ખ્યાલ આપી આસ્વાદલક્ષી ઐતિહાસિક અભિગમને આધારે કૃતિની તપાસ કરવામાં આવી છે. તથા વિવેચકે કૃતિને 'સોસીયો હિસ્ટોરિકલ નોવેલ' તરીકે ઓળખાવે

છે.'માનવીની ભવાઇ' (ત્રચી)-નું સંઘટનસુત્ર' લેખમાં વિવેચકે દુરિતનું તત્વ સંકુલ પાત્રચિત્રણથી વિકસાવ્યું છે. જેનું અર્થઘટન સમાજમાં રહેલ દુરિતનું તત્વ કૃતિ પાત્ર 'માલી ડોસી' અને પછી કુદરતી આફત 'દુષ્કાળ' રૂપે કેવું પરિવર્તન પામતું દશ્યમાન થાય છે તેની રસપ્રદ ચર્ચા કરી છે. 'પેટલીકરની પાંચ નવલકથાઓ'- લેખમાં 'લાક્ષાગૃહ', 'જૂજવાંરૂપ', 'ઋણાનુબંધ', 'અભિજાત', 'વાસંતી' જેવી હેતુપ્રધાન 'કૃતિને બદલાયેલા સમયસંદર્ભમાં' સ્ત્રી-પુરુષ સબંધ અંગેની છણાવટ કરી છે. કથાવસ્તુ, પાત્ર, વસ્તુસંકલન, નિરૂપણરીતિને લક્ષમાં રાખી સમીક્ષા કરી છે. પુરોગામી નવલકથાઓના સંદર્ભમાં પેટલીકરની નવલકથાની વિચારણા કરી છે. આ ઉપરાંત સામાજિક સંદર્ભો વિશેની નોંધ લઈ કૃતિમાં વાસ્તવ નિષ્ઠાની નોંધ વિવેચકે લીધી છે. 'આભ રૂવે એની નવલખ ધારે', નવલખ ધારાનું આભ'- લેખ રઘુવીરભાઈ ચૌધરીને સંબોધી લખાયા છે. જેમાં શિવકુમાર જોશીની આ નવલકથા સમય સાથે નિસબત ધરાવતી રચના છે. તે પત્રના માધ્યમમાં ચર્ચ્યું છે. 'તેડાગર'- સંવેદનનું સમજમાં રૂપાંતર'- લેખમાં રઘુવીર ચૌધરીની 'તેડાગર કૃતિની લઘુનવલ સ્વરૂપને લક્ષમાં રાખી પાત્ર, કથાપ્રયુક્તિની ચર્ચા કરી છે. જેમાં મર્યાદા દર્શાવતા વિવેચક નોંધે છે કે 'ત્રીજું પ્રકરણ એ રીતે લખાયું છે કે બીજું પ્રકરણ ન લખાયું હોત તો ચાલત'[૧૯] આમ, સર્જકની ચૂક તરફ અંગુલિનિર્દેશ જોવા મળે છે. તેમની આંતર ચેતનાપ્રવાહ રીતિથી રચાયેલી 'વેણુવત્સલા' કૃતિ સંદર્ભે વિવેચકનો પત્રસંવાદ રૂપે મળે છે. જેમાં સર્જકની કળાકીયતાની વિશેષતા દર્શાવી આપી છે. તો ભાવક તરીકે સ્વમત પણ સૂચવ્યો છે તથા 'માયામંદિરની તિરાડ' લેખમાં 'ઇચ્છાવર' નવલકથાની કૃતિગત રસસ્થાનોને સ્પર્શતી વિવેચના કરી છે. 'સાત પગલાં આકાશમાં' સચ્ચાઈપૂર્ણ ઊંડી નિસ્બત' લેખમાં કુંદનિકા કાપડિયાની સર્જન પ્રક્રિયાની મર્યાદાઓ ચીંધી બતાવી છે. જેમાં કળાકીયતાનો તદન અભાવ વિવેચક સંપૂર્ણ લેખમાં દર્શાવતા રહ્યાં છે. વસ્તુસંકલન, નિરૂપણરીતિના પ્રશ્નો તેમણે દર્શાવ્યા છે. આ સિવાય પ્રતીતિજનકતાના પ્રશ્નો તેઓ અવલોકી શક્યા છે. કૃતિની મૂલ્યાંકન કરતાં તેઓ 'સમસ્યા નિરૂપણ કૃતિ' તરીકે ઓળખાવે છે. 'મીરાંની રહી મ્હેક' પીડાને જીવનબળરૂપે જોગવતી દ્રષ્ટિ'- લેખમાં દિલીપ રાણપુરાની નવલકથાની વસ્તુલક્ષી સંદર્ભે ચર્ચા કરતાં તેને વૃતાંતકથન કહે છે. અહીં પણ અનુભવનું કળામાં રૂપાંતર થયું નથી તેવા કળાકીયતા પ્રશ્નો વિવેચક દર્શાવે છે. 'આંગળિયાત', 'અસૂર્યલોક', 'કાફલો', 'લાવણ્ય': સર્જકતાની તપાસ લેખમાં ગુજરાતી સાહિત્યના નવમા દાયકના ચાર સર્જકની સર્જકતા સંદર્ભે ચર્ચા કરી છે. આસ્વાદલક્ષી ચર્ચામાં કૃતિગત વિશેષતાની નોંધ વિવેચકે લીધી છે.'આસોપાલવ'

અને 'બીજું કોઈ નથી' વિનેશ અંતાણીની કૃતિમાં વિવેચકે આસ્વાદલક્ષી રસસ્થાનો દર્શાવી સર્જકની ગદ્યશૈલીની તપાસ કરી છે. સમગ્ર વિવેચનસંગ્રહમાથી પસાર થતાં ધીરેન્દ્ર મહેતાની નવલકથા વિષયક ચર્ચા કરવાની એક સામાન્ય પધ્ધતિ રહી છે. સૌ પ્રથમ જે તે કૃતિની પ્રસતાવના કે પછી સર્જકના ક્રુતિ પ્રત્યેના નિવેદનથી આરંભ કરી તેઓ નવલકથા સ્વરૂપના ઘટકતત્વો વસ્તુ, પાત્ર, નિરૂપણરીતિ, પ્રયુક્તિ, વસ્તુસંકલન સંદર્ભે આસ્વાદલક્ષી સમીક્ષા કરી છે. પ્રસ્તુત સંગ્રહમાં વિવેચકનો દષ્ટિકોણ કૃતિ કેન્દ્રી રહ્યો છે.

### ❖ *'ઘટડો મિંજ તો ગરે':*

કચ્છી કાવ્યસાહિત્યનું વિવેચનાત્મક પુસ્તક છે. આ પ્રકારનું વિવેચન કાર્ય ગુજરાતી સાહિત્યમાં પ્રથમ વાર થયું હશે. કચ્છી ભાષાની વિલક્ષણતા અને વિશિષ્ટતા ઉપસાવતા કચ્છી સર્જકોના કાવ્ય સંગ્રહ અને તેની વિવેચનાત્મક તપાસ ભાવકો માટે ઉપયોગી બની રહે છે.

પ્રસ્તુત વિવેચન પુસ્તક કચ્છી ભાષામાં સર્જાયેલા કાવ્યોનો આસ્વાદ કરાવે છે. આ વિવેચનકાર્ય અગાઉ ધીરેન્દ્ર મહેતાએ 'રણની આંખમાં દરિયો' વાર્તાઓનું સંપાદનકાર્ય કચ્છના પ્રદેશ વિશેષને લઈ કર્યુ હતું. આ વતનપ્રીતિ માટે તેઓ નોંધે છે કે ભૂજ વિશે, રણ વિશે, રણ અને દરિયાના સબંધ વિશે, ખારવા કોમના જીવન અને સંવેદનો વિશેની મારી રચનાઓ સહદયોને સ્પર્શી શકી હોવાની 'રસીદો' મળી છે.'[૨૦] અર્થાત ગુજરાતી સાહિત્યના ભાવકોને આ પ્રકારના પુસ્તકોમાં રસ પડ્યો છે.

પ્રસ્તુત વિવેચનાત્મક પુસ્તકમાં આશરે છત્રીસ(૩૬) જેટલાં કાવ્યોનો સમાવેશ થયો છે. કચ્છી ભાષાની આ કવિતાઓના આસ્વાદ 'કચ્છ મિત્ર', 'કવિલોક', 'શબ્દસૃષ્ટિ', 'બુદ્ધિપ્રકાશ' જેવા સામયિકોમાં પ્રકાશિત થતાં રહ્યાં છે. આ નિમિત્તે આ કવિતા આસ્વાદ પુસ્તક અસ્તિત્વમાં આવ્યું છે. આ પુસ્તકના આરંભમાં 'તૃણના શિખરથી આકાશ દર્શન' એવા શિર્ષક હેઠળ ધીરેન્દ્ર મહેતાએ સુદીર્ઘ લેખ આપ્યો છે જેમાં કચ્છી કવિતાનો ઈતિહાસ વર્ણવ્યો છે. જેમાં ધીરેન્દ્ર મહેતાનો ઐતિહાસિક અભિગમ દ્રષ્ટિગત થાય છે. જેનો આરંભ ગુજરાતી મધ્યકાલીન સાહિત્યની જેમ કંઠોપકંઠ અને કર્ણોપકર્ણ થયો. ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન, વિષયવસ્તું કચ્છી ભાષાના લોકસાહિત્ય

વિશે વાત કરતાં રહ્યાં તે દુલેરાય કારાણીના સાહિત્ય સર્જન અને સંશોધન વિશે લંબાણથી ચર્ચા કરે છે. કચ્છ પ્રદેશની સંતપરંપરાની પરીચયાત્મક ચર્ચા કરી છે. દુલેરાય કારાણી અને તેમના સમકાલીન સર્જકોની આછી પાતળી રૂપરેખા આપી છે. આ ઉપરાંત, સમકાલીન કવિતામાં આવેલા વળાંક વિશે સદષ્ટાંત ચર્ચા કરી છે. જેમાં કવિતાના વિષયવસ્તુથી  માંડીને સાહિત્ય સ્વરૂપમાં આવેલા પરીવર્તન આવ્યા તેની નોંધ મહાનગરવાસી  કવિતાઓને આધારે કરી છે. જેમાં, ડૉ. જયંત ખત્રી, અમૃતગંગર, ગુલાબ દેઢિયા વગેરે સર્જકોના સર્જનમાં નગરજીવનનો પરિવેશ અને સંવેદન પ્રગટ્યું છે. પ્રસ્તુત લેખમાંથી ધીરેન્દ્ર મહેતા કચ્છી કાવ્ય સાહિત્યમાં રહેલ વિશિષ્ટતાનો મોકળો માર્ગ તેઓ જોઈ શક્યા છે. કચ્છી કાવ્ય સાહિત્યના બાર કે પંદર સર્જકોના પ્રદાનને દર્શાવી તેમની વિશેષતાનો નમૂનો મૂક્યો છે. જેના આધારે આ ક્ષેત્ર તરફ ભાવક અને સંશોધકની દ્રષ્ટિ જાય તેવો આશય જોવા મળે છે. જેમાં, વિવેચક તરીકેની દીર્ઘ દ્રષ્ટિ અહીં જોઈ શકાય છે. સમગ્ર લેખમાં વિવેચકનો ઐતિહાસિક અભિગમ દ્રષ્ટિગત થાય છે. તથા સર્જકોના જીવનનો આલેખ નથી પરંતુ કવિકર્મ વિશેનો અભ્યાસ લેખ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. આમ, સર્જક અને સર્જનલક્ષી ઈતિહાસનો વિગતપૂર્ણ આલેખ પ્રવાહીત ભાષાશૈલીમાં જોવા મળે છે.

પ્રસ્તુત પુસ્તકમાં કચ્છી કવિતાના આસ્વાદ એ સુરેશ જોષીના 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' પુસ્તકનું' સ્મરણ કરાવે છે. અહીં પ્રસ્તુત કવિતાનો આસ્વાદ ધીરેન્દ્ર મહેતા કૃતિનિષ્ઠ ધોરણે જ કરાવ્યો છે. તેમણે ક્યાંય સર્જકના જીવનની વિગતોના ઉલ્લેખ કર્યા નથી. માત્ર ને માત્ર કૃતિ ને કેન્દ્રમાં રાખી તેનો આસ્વાદલક્ષી, અર્થ વિસ્તાર સાથે, કે કૃતિના રસદર્શનને કે વિશ્લેષણાત્મક કે પછી પરીચયાત્મક પધ્ધતિથી વિવેચનકાર્ય કર્યું છે. કાવ્યની વિશેષતા અંતર્ગત તેમાં રહેલ કવિકર્મને તેમણે તપાસ્યું છે જેનો અનુભવ કાવ્યાસ્વાદમાંથી પસાર થતાં મળી રહે છે. ટૂંકા અને અર્થપૂર્ણ વિધાનોમાં કાવ્યાસ્વાદ મળી રહે છે. ક્યાંય સ્વરૂપને લઈને તો ક્યાંય શબ્દઅલંકારની ચમત્કૃતિની વિશેષતાઓ દષ્ટિગત વિવેચક કરાવતા રહ્યા છે. તથા કચ્છી ભાષા ન જાણનાર ભાવકો પણ આ આસ્વાદો માણી શકે તે હેતુથી કચ્છી ભાષાના શબ્દોના અર્થ આપ્યા છે. અહીં વાંચન સૂઝને ભાવકકેન્દ્રી ધોરણે જોઈ શકાય છે. આમ, પ્રસ્તુત વિવેચનાત્મક પુસ્તક

કાવ્યાઆસ્વાદલક્ષી બની રહે છે. કચ્છ પ્રદેશના સાહિત્યને ગુજરાતી સાહિત્યના ભાવક સમક્ષ લઈ આવવાનો વિવેચક ધીરેન્દ્ર મહેતાનો પ્રયાસ છે. જેની તેઓ ધારી અસર ઉપસાવી શક્યા છે.

### ❖ *'બાતમી' :*

એ વિવેચનાત્મક લેખાં ધરાવતું પુસ્તક નથી પરંતુ આ પુસ્તકમાં ગુજરાતી સાહિત્યના સર્જકો સાથેની મુલાકાત છે જેમાં વિવેચક ધીરેન્દ્ર મહેતાએ કાવ્યકેન્દ્રી મુદ્દાઓને સાંકળીને પરંપરાગત સાહિત્યથી આધુનિક સાહિત્યમાં કાવ્યસ્વરૂપનો આલેખ રજૂ કર્યો છે. તે માટે સર્જકોની સર્જન પ્રક્રિયા તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે. તે અનુલક્ષીને તેઓ નોંધે છે કે 'સર્જન પ્રક્રિયા તેની સાથે સંકળાયેલા કે તેને પ્રભાવિત કરનારા પરિબળો તેમજ સ્વરૂપ અને તેની શક્યતાઓને સમજવાનો છે. આ રહસ્યમય અને વિસ્મયકારક પ્રવૃત્તિને ગંભીરતાથી અને સભાન રીતે જોવા તપાસવાનો પ્રયાસ છે'. જીવન અને સાહિત્ય એકબીજાના પૂરક છે. સર્જક સાહિત્ય સર્જનની પ્રક્રિયામાં જોડાય છે. ત્યારે તેની સાહિત્ય પ્રત્યેની સૂઝ કેવા પ્રકારની છે તેની તપાસ ધીરેન્દ્ર મહેતા કાવ્યસાહિત્યને કેન્દ્રમાં રાખી કરી શકે છે. જેમાં કવિ ઉમાશંકર જોશી સાથેની મુલાકાતમાં કવિતાની વિભાવનને કેન્દ્રમાં રાખી ચર્ચા કરી છે. તથા કવિતાને કઈ રીતે પામવી તે વિશે માહિતી મળે છે. રઘુવીર ચૌધરી સાથેના સંવાદમાં કવિતાનો જીવન સાથેના મૂલ્યસબંધની ચર્ચામાં સર્જક પોતાના સમયના સાંસ્કૃતિક સંદર્ભ સાથે જોડાયેલો રહે છે. જેની અસર સર્જનકાર્યમાં દશ્યમાન થાય જ છે. તેમ નોંધે છે. ચંદ્રકાંત શેઠ કવિતા વિશેની મુલાકાતમાં કવિનો ભાષા સાથેના સબંધોની ચર્ચા કરી છે. જેમાં ગુજરાતી સાહિત્યના સાંપ્રત સમયના સર્જકો વિશેની ભિન્ન સર્જન પ્રક્રિયાની ચર્ચા કરી છે. કવિતાના સમય સંદર્ભને જયંત કોઠારી ઉકેલતા નોંધે છે કે કવિતાને પોતાના સમય સાથે વધુમાં વધુ નિસબત હોય પણ સમયનું કોઈ એક જ પરિમાણ હોતું નથી' તથા આમ, કવિતાનો ઉચ્છવાસ ભવિષ્ય સુધી પહોંચવો જોઈએ એ વિના એની સાર્થકતા ભાગ્યે જ કહેવાય.(પૃ.-૨૮) આમ, કવિતા સર્જનમાં દીર્ઘદ્રષ્ટિ હોવી જોઈએ. આધુનિક સમયના કવિઓમાં સર્જન સંદર્ભે આવેલા પરિવર્તનોમાં સિતાંશુ યશચન્દ્રની કવિતામાં 'અતિવાસ્તવવાદ'ની ચર્ચા તથા  તેમના કાવ્યોમાં પુરાકલ્પન વિનિયોગની વિગતે ચર્ચા કરવામાં આવી છે. અતિવસ્તાવાવાદને તેઓ ઇનર કોન્ટ્રાડિકશન કહેતા નોંધે છે કે 'એક, કે તર્કથી બહારનું

છે. એના તરફ નેણ મંડાય છે', પણ તર્કની બહાર જઈ એન જોવા માટે નેણ નથી મંડાતા – એ તો જાગ્રત ચિત્તથી જોવા માટે જ આ આંખ મંડાય છે. એટલે અજાગ્રત અને જાગ્રત, એ બે જાતનાં ચિત્તો વચ્ચેનો જે સંવાદ છે તેમાંથી અતિવાસ્તવવાદ અનિવાર્ય પણે જન્મે છે.'[૨૩] તથા કવિતાના બે કાવ્યોને લઈ સદ્રષ્ટાંત વાર્તાલાપ વિવેચકે કર્યો છે. ગીત સ્વરૂપ અને ગઝલ સ્વરૂપની ચર્ચા અનુક્રમે હરિન્દ્ર દવે અને ચિનુ મોદી સાથેની મુલાકાત રસપ્રદ રીતે મૂકવામાં આવી છે. જેમાં આધુનિક સમયમાં ગીત અને ગઝલના સ્વરૂપની વિગતલક્ષી અને ઊંડાણપૂર્વક ચર્ચા ઉપયોગી બન રહે છે. સુરેશ જોશી સાથે આધુનિક સમયનું સાહિત્ય જોડાયેલું છે. જેમાં સર્જન પ્રક્રીયા સંદર્ભે પરિવર્તનો થયા. અહી વિવેચક ધીરેન્દ્ર મહેતાએ સાહિત્યકાર પાસે સુરેશ જોશી કેવા પ્રકારની અપેક્ષા રાખે છે- તેની ચર્ચા કરવામાં કરવામાં આવી છે. જેમાં સુરેશ જોશીના રૂપ- રચનાના અભિગમ તથા આધુનિક દુર્બોધતા વિશેની અન્ય કળાઓના સંદર્ભે ચર્ચા કરવામાં આવી છે. જેમાં સર્જન અને ભાવક પક્ષને કેન્દ્રમાં રાખી ચર્ચા કરી છે. સુમન શાહ સાથેની મુલાકાતમાં ધીરેન્દ્ર મહેતા વિવેચન અને વિવેચકના ધર્મ વિશેની ચર્ચા કરતાં તેઓ કહે છે કે સર્જનાત્મક પ્રવૃત્તિ અને વિવેચન પ્રવૃત્તિનું સામંજસ્ય હોવું જોઈએ. આમ, પ્રસ્તુત પુસ્તકમાંથી પસાર થતા ગુજરાતી સાહિત્યની સર્જન પરંપરા, સાહિત્ય સ્વરૂપ સાહિત્યસ્વરૂપ અને સાહિત્યના વિવેચન અર્થાત સર્જક, સ્વરૂપ અને વિવેચનનો ક્રમિક દ્રષ્ટિકોણ ભિન્ન ભિન્ન સર્જનક્ષેત્રના સર્જકો દ્વારા અહીં પ્રાપ્ત થાય છે. આ સિવાય ધીરેન્દ્ર મહેતાની કેફિયતો, મુલાકાતો સંદર્ભે દસ(૧૦) જેટલા લેખમાં સર્જન પ્રક્રિયાના અનુભવને દ્રષ્ટિગત કરાવે છે.જેમાં ગીત સ્વરૂપમાં લય, ભાષા, તત્સમ પદાવતિ વિશેની સમકાલીન સમયમાં થતા પ્રયોગ વિશેની ચર્ચા કરવામાં આવી છે. તથા ગઝલ સ્વરૂપની ચર્ચામાં ગઝલના મિજાજનો ખ્યાલ કાવ્યમાં શી રીતે પ્રગટે છે તે વિશેની સદ્રષ્ટાંત ચર્ચા કરી છે.

### ❖ *'દર્શક અને બીજા વિશે'* :

પુસ્તકમાં બે વિભાગ જોવા મળે છે. એક મનુભાઈ પંચોળી દર્શકના જીવન-સર્જનને કેન્દ્રિત કરતો અભ્યાસલેખ એન બીજી અન્ય કૃતિ વિષયક ચર્ચા. પુસ્તકના આરંભમાં 'દર્શકની દુનિયા' લેખમાં સર્જકના જીવન અને સર્જન-વિવેચન કાર્યનો વિગતે અભ્યાસ રજુ કર્યો છે. સર્જકની કૃતિનો કેન્દ્રીય વિચાર દર્શાવી સંક્ષિપ્ત પરિચયાત્મક વિગતો આપી છે. ગુજરાતી સાહિત્ય

સર્જનના પરિપ્રેક્ષ્યમાં જોતા દર્શક અને મુનશી સર્જન વિચારનો તફાવત જોવા મળે છે. જેમાં દર્શક વિશે 'ઐતિહાસિક નવલકથાનો નમૂનો આપણને મુનશીમાં નહોતો મળ્યો તે દર્શકમાં મળે છે'.[૨૪] વિવેચા નોંધીને તેમના સર્જનવિશેષ દર્શાવે છે. 'ઝેર તો પીધા છે જાણી જાણી' લેખમાં કૃતિની રસપૂર્વક ચર્ચા વિવેચકે કરી છે. જેમાં અન્ય કૃતિ સાથેની તુલના દ્વારા કૃતિની તપાસ કરી છે. પ્રસ્તુત કૃતિને તેઓ ઐતિહાસિક નવલકથા હોવાનો આભાસ ગણાવી વર્તમાનકાળની ઐતિહાસિક નવલકથા કહી છે.'સ્વામી આનંદ અને તેમનું સાહિત્ય'- લેખમાં સ્વામીઆનંદનો વિગતે પરિચય આલેખ આપ્યો છે. રસપ્રદ પ્રસંગોના અનુસંધાને 'સાધુ' શબ્દની વિભાવના આપે છે. સ્વામીઆનંદના રેખાચિત્રો વિશે સુબદ્ધ ભાષા, શૈલી, અલંકારોની સદ્રષ્ટાંત ચર્ચા કરી છે. સ્વામીઆનંદ ચરિત્રનિબંધ સર્જન વિશે નોંધે છે કે ''મેં તો જેમનાં ચરિત્ર કે ગુણોથી વીંધાયો એવી હસ્તીઓ કે વિભૂતિઓનાં રેખાચિત્રો જ કલ્પનાનો આશ્રય મુદ્દલ લીધા વગર દોર્યા છે.'[૨૫] 'ભારતીય સંસ્કૃતિના મંગલ દ્રષ્ટા'- લેખમાં સાક્ષરયુગના સર્જક શ્રી આનંદશંકર ધ્રુવના 'વસંત' નામના માસિક પ્રકાશિત કરતા સાહિત્યના તરફના તેમના ઉચ્ચ દ્રષ્ટિકોણને દર્શાવ્યો છે. ગાંધીયુગમાં જયારે કોશિયો પણ સમજી શેક તેવું સાહિત્ય રચવું એવા વિચાર પરત્વે થયેલા ઉહા પોહને તેઓ નમ્ર રીતે રજુ કરતા 'મનુષ્યનો સાહિત્ય રસ એના સંસ્કાર સાથે સંકળાયેલો હોય છે. અને સાહિત્યને ગ્રામ્ય કરવાથી નહિ, પણ ગ્રામને સાહિત્યની ભૂમિકાએ ચઢાવવાથી જ આ પ્રશ્નનો ખરો અને કાયમનો નિકાલ થઈ શકશે'[૨૬] આમ, તેમની ઉચ્ચ કેળવણીકાર અને નર્મ અને દીર્ઘદ્રષ્ટાનું વ્યક્તિત્વ વિવેચક પ્રગટાવે છે. 'નંદશંકર' અને 'કરણઘેલો'- લેખમાં નંદશંકર મહેતાનો જીવન પરિચય આપીને કૃતિમાં આવતા ચિંતનખંડો, વિષયાંતરો, વસ્તુસંકલનાની શિથિલતા, પાત્રલેખન અને સંવાદોની મર્યાદાઓ કૃતિના કથાસાર સાથે સંવાદરચના વર્ણનકલા, ભાષાશૈલી, ચરિત્રની સંકુલ રેખાઓ વિશેષતા દર્શાવી છે. તો ક્ષતિની માત્ર નોંધ લીધી છે. તેના વિસ્તારમાં તેઓ ગયા નથી. અહીં સર્જક પ્રતિભાનો ઉન્મેષ વિવેચકે પ્રગટાવ્યો છે. 'મુનશીજીઃ બહુ આયામી વ્યક્તિત્વ અને વાઙ્મય' – લેખમાં સર્જકના જીવનનો પરિચય આપી તેમના સાહિત્યસર્જન વિષયક પરિચયાત્મક દ્રષ્ટીએ ચર્ચા કરી છે. 'ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીનું પ્રદાન' લેખમાં ગાંધીના સાહિત્ય વિશેની ચર્ચા સાથે ગાંધીજીની સાહિત્યકલા તરફની સમાજનો ખ્યાલ આપ્યો છે. તથા ગાંધીજીના સાહિત્ય લેખનની ગદ્યશૈલી તેમના આત્મકથાના સર્જનમાં જોઈ શકાય છે. તેની વિવેચકે નોંધ લીધી છે. 'પારાશર્ય'ની પુરણ કથાઓ' – લેખમાં મુકુંદરાય પારાશર્યની રચનાઓ

અહી સમાવિષ્ટ છે. જે કવિ અને સત્યકથા લેખક તરીકે જાણીતા છે. વિવેચકે તેમની રચના વાર્તારૂપ ણ પામતા પૌરાણિક કથાનક બની રહી તે વિશે અહી આસ્વાદલક્ષી સ્તરે તપાસ કરી છે. ‘ગુણવંતરાય આચાર્યનું અર્પણ’ – લેખમાં સર્જકના સર્જન સંદર્ભે તેમની પ્રતિભા શક્તિની તપાસ કરી છે. જેમાં ગુણવંતરાયનું નામ મુનશી અને મેઘાણીની પરંપરામાં મૂકતા નોંધે છે કે આ સર્જકો પાસે કથાના રસિયા વાચકો જાય છે. વિવેચકની દ્રષ્ટિ સંક્ષિપ્ત પણ યોગ્ય એવા લોકપ્રિય સર્જકની નોંધ લેવાનું ચૂક્યા નથી. ‘મળેલા જીવ’ અંગે આટલુંક સહેજે’- લેખમાં કૃતિનો કથાસાર અને તેની ગ્રામસૃષ્ટિનાં પાત્રમાં રહેલી વાસ્તાવનિષ્ઠાનું કલાત્મક રસપ્રદ શૈલીમાં રૂપાંતરણ વિશે માત્ર દોઢ પાનામાં નોંધ મૂકી છે. ‘મોહંમ્મદ માંકડઃ કથાસાહિત્યમાં વિવિધતા અને વ્યાવર્તક્તાનો પ્રશ્ન’- લેખમાં સર્જકનો વ્યક્તિત્વ પરિચય બાદ તેમના સર્જન કાર્ય વિશેની તપાસ કરી છે. જેમાં તેમની વાર્તા, નવલકથા અને  લઘુનવલ વિષયક પરિચયાત્મક વિગતો મળી રહે છે. રઘુવીર ચૌધરી સાથેના  અંગત  સબંધોથી  ચર્ચાની માંડણી કરતાં તેમના પ્રથમ કાવ્યસંગ્રહ ‘તમસા’ની તપાસ કરીને સર્જના વ્યક્તિત્વને દર્શાવ્યું છે. તથા તેમના સાહિત્યસર્જનમાં ‘તમસા’ અને ‘અમૃતા’ (નવલકથા) વિષયક આસ્વાદલક્ષી ટૂંકી ચર્ચા કરી છે. પ્રસ્તુત ‘વિવેચનાત્મક પુસ્તકમાં પ્રથમ વાર વિવેચકે ભારતીય નવલકથા ‘ગોરા’ અને ‘ઘરે-બાહિરે’ની સાંસ્કૃતિક કથા વિશે આસ્વાદલક્ષી ચર્ચા કરી છે. તથા પાશ્ચાત્ય સાહિત્યની ‘કેરેમેઝોવે બંધુઓ’- ફ્યોદોર દોસ્તોયેવ્સકી રશિયન નવલકથાકારની છે. તેની પ્રકરણવાર વિગતે કથાસાર આપતા સર્જકની પાત્રસૃષ્ટિમાં પ્રયોજાયેલી મનોવિશ્લેષણાત્મક શૈલી તરફ વિવેચકે ધ્યાન દોર્યું છે. સર્જકને ‘આધુનિકોમાં આધુનિક’ તરીકે ઓળખાવ્યા છે. બીજી કૃતિ ટોમસ હાર્ડીની રચના ‘ટેસ ઓવ ડર્બરવિલ’નો કથાસાર રસપ્રદ રીતે વર્ણવાયો છે. લેખના અંતમાં ટેસનું પાત્રાલેખન કેવું ઉપસી આવે છે તેની પણ વિવેચકે નોંધ લીધી છે. આમ, સમગ્ર પુસ્તકમાંથી પસાર થતા મુખ્યત્વે કથાસાહિત્ય સંદર્ભે કરેલી વિવેચના અહીં યોગ્ય બની રહે છે.

ધીરેન્દ્ર મેહતાના સમગ્ર વિવેચન કાર્ય માંથી પસાર થતા પ્રત્યક્ષ વિવેચના વધુ જોવા મળે છે. વિવેચનનું સ્વરૂપ મુખ્યતવે અધ્યાપકીય વિવેચનનું રહ્યું છે. એમની વિવેચન પદ્ધતિને જીવંત અને સક્રિય રાખવામાં અધ્યાપન કાર્યનો ઘણો મોટો ફાળો દેખાય છે. સાહિત્યના કેટલાક પ્રશ્નો વિશે (બાતમી), કૃતિઓ અને પ્રવાહો વિશે એમને લખ્યું છે એમાંનું મોટાભાગનું અધ્યાપન કાર્યના ફલરૂપ છે. માત્ર માહિતી સંચયને સ્થાને તેમણે અભ્યાસ પૂર્ણ છતાં વિશદ, સંશોધકની સુક્ષ્મ

દષ્ટિવાળા પણ રસ્લાક્ષી, તેજસ્વી અને ગંભીર અધ્યાપન પ્રવૃત્તિના નીચોડ સમા વિવેચનો પણ મળે છે. જેમકે; નિસબત, ગુજરાતી નવલકથાના કેટલાંક પુનર્મુલ્યાંકનો, કચ્છી કવિતાનું વિવેચન, દર્શક અને બીજા લેખો. સહૃદયતા અને અભ્યાસ શીલતા પણ નોંધપાત્ર વિવેચક ગુનો છે. એ માટે તેઓ નોંધે છે, ' એ વખતથી એવી રુચિ કેળવાઈ કે કૃતિ ગમે તો જ એના વિશે લખવાનું મન થાય, 'છોતરાં ઉખેડી નાખવા માટે નહિ', ણ ગમે તો હલ્વેખતી બાજુ પર મૂકી દઉં, લખવાનું સોપાયું હોય તો પણઃ શાન્તિથી ઉભા રહીને ગીતશ્રવણની મોજ માનો અથવા ધીરેથી સરકી જાઓ'[૨૭] આમ રસ પડે તો જ વિવેચન કાર્ય તરફ તેઓ વળ્યા છે. કોઈ પંડિતાઈના દંભ વિના તેમણે સરળ, સ્પષ્ટ અને મુદાસર તેમજ નિર્ભીક રજૂઆત રહી છે. વિદ્યા સંસ્થાઓમના વ્યાખ્યાનો રૂપે મોટેભાગના વિવેચન લેખો તૈયાર થયેલ છે. સિદ્ધાંત વિવેચન કર્યું જ નથી. પરતું તેમના વિવેચન કાર્યમાં સ્વરૂપ, સંવિધાન અને રચનાપ્રકિયાની તપાસમાં કોઈને કોઈ સિદ્ધાંતની આંશિકતા જોવા મળે જેમકે; પન્નાલાલ પટેલની 'વળાંમણા' જેવી રચનાને ટૂંકીવાર્તા કહી. તો વાર્તામાં 'વાતાવરણ' અને 'પરિવેશ'ના ભેદની તપાસ કે નવલકથામાં  ટેક્નિકના મુદાની ચર્ચા તેમને કરી છે. ક્યારેક કથાસાહિત્યનુ વિવેચન કર્તા અમુક કૃતિનું પુનરાવર્તન થતું રહ્યું છે. એકની એક વાતનું ભૂમિકારૂપે લંબાણ પણ જોવા મળે. અન્ય સંગ્રહોમાં ફરી એ જ લેખનો સમાવેશ પણ થયો છે. પરંતુ જાણે કૃતિમાં કઈક કહેવાનું રહી ગયું હોય તેમ તેની માત્ર દોઢ પૃષ્ઠમાં ચર્ચા કરી જાય જેમાં તેમની પેલી અધ્યાપકની ચોકસાઈ દ્રશ્યમાન થાય છે. આમ ધીરેન્દ્ર મેહતાનું વિવેચન કાર્યનું સ્વરૂપ કૃતિ કેન્દ્રી થતા સર્જકની સર્જકતાની તપાસ કેન્દ્રી રહ્યું છે. કૃતિમાં પ્રયુક્તિ અને નિરૂપણ રીતિ વિષયક દ્રષ્ટિકોણ વધુ જોવા મળે છે. તથા સમકાલીન સમયની કૃતિ વિષયક વિવેચના તેઓ કરતા રહ્યા છે.

## ❖ પાદનોંધ :

૧. શૈલી અને સ્વરૂપ- ઉમાશંકર જોશી (પૃ.-૨૦૩)

૨. જયંત ખત્રી ગ્રંથકાર શ્રેણી :૩ – ધીરેન્દ્ર મહેતા (પૃ.૨૪)

૩. સર્જક-અષ્ટક – ધીરેન્દ્ર મહેતા (પૃ.-૨૨)

૪. એજન. (પૃ.૨૪)

૫. એજન. (પૃ.૮૮)

૬. નંદશંકરથી ઉમાશંકર – ધીરેન્દ્ર મહેતા (પૃ.૬)

૭. એજન. (પૃ.૬૮)

૮. એજન. (પૃ.૧૦૪)

૯. એજન. (પૃ.૧૪૧)

૧૦. એજન. (પૃ.૨૬૯)

૧૧. નિસબત – ધીરેન્દ્ર મહેતા

૧૨. એજન. (પૃ.૨૯૬)

૧૩. ગુજરાતી નવલકથા કેટલાંક પુનર્મુલ્યાંકનો – ધીરેન્દ્ર મહેતા (નિવેદન)

૧૪. એજન. (નિવેદન)

૧૫. એજન. (પૃ.૨)

૧૬. એજન. (પૃ.-૧૫)

૧૭. એજન. (પૃ.૫૧)

૧૮.એજન. (પૃ.-૫૯)

૧૯. એજન. (પૃ.-૧૧૨)

૨૦ એજન. (પૃ.-૪,૫)

૨૧. બાતમી – ધીરેન્દ્ર મહેતા (પૃ.-૬)

૨૨. એજન. (પૃ.-૨૮)

૨૩. એજન. (પૃ.-૩૩)

૨૪. એજન. (પૃ.-૩૫)

૨૫. એજન. (પૃ.-૭૯)

૨૬. એજન. (પૃ.-૮૯)

૨૭. શબ્દસૃષ્ટિ ; ઓક્ટોબર:૨૦૧૪ (પૃ.૫૬)